RNI NO.-GUJGUJ/2007/20221 REG.NO.GAMC.-003

# શ્રી સ્વામિનારાયણ

અંક નં. ૩૪
ફેબ્રુઆરી - ૨૦૧
કિંમત રૂ. ૫/-

માસિક



વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા ફાગણ સુદ - ૩

Shree Swaminarayan Museum

**Museum Year**
March 2010 - March 2011

## ઇ. ૨૦૧૦-૧૧નું વર્ષ 'મ્યુઝિયમ વર્ષ'

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૦થી માર્ચ ૨૦૧૧નું વર્ષ 'મ્યુઝિયમ ઈયર' તરીકે જાહેર કરવામાં આવે છે. સૌ હરિભક્તોએ ૨૦૧૦-૧૧નો આર્થિક સહયોગ 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ના બાંધકામને પૂર્ણ કરવા ઉદાર હૃદયથી પ.પૂ. મોટા મહારાજશ્રીના ગુરુઋણમાંથી મુક્ત થવા તેઓશ્રીના ચરણમાં અર્પણ કરવા વિનંતી.

## ''શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ''
## ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

સંવત ૨૦૬૭ ફાગણસુદ ત્રીજ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

www.swaminarayanmuseum.com/org

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



) જેતપર (મચ્છું- મૂળીદેશ) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (૨) વડુગામે સ્નેહ સત્સંગ સંમેલન સંગે દિપ પ્રગટાવતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે મહંતસ્વામી, દેવસ્વામી અને શા.નારાયણ વલ્લભદાસજી(૩) કેનેડા ટોરન્ટો આપણા મંદિરમાં ધનુર્માસમાં બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના અલૌકિક દર્શન(૪) મોટેરામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ની નિશ્રામાં .સ્વામી રામકૃષ્ણદાસજીની પારાયણ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં નાના પી.પી.સ્વામી(૫) દેવીપુર (મૂળી દેશ)ગામે શોભાયાત્રામાં દર્શન આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી(૬) જમીયતપુરા પ્રભા હનુમાનજી મંદિર શાકોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (૭) નારણઘાટ મંદિરથી શ્રીનરનારાયણદેવની પદયાત્રામાં દર્શન આપતાં પ.પૂ.આચાર્ય હારાજશ્રી સાથે દેવસ્વામી, રામસ્વામી અને સંત હરિભક્તો(૮) આપણા ઓકલેન્ડ મંદિરમાં બાળકોની શિબિરની એક ઝલક.




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૩ | અંકઃ ૩૪ | ફેબ્રુઆરી ૨૦૧૦**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | પુષ્પદોલોત્સવ અને રંગક્રીડા | ૪ |
| ૪. | હરિદ્વાર પવિત્ર ગંગામાં ૨૦૧૦ નો પૂર્ણ કુંભ મહાપર્વ | ૬ |
| ૫. | આનંદની હેલી : તપસ્વી સંતો | ૭ |
| ૬. | મૂળીમાં શ્રીહરિ | ૮ |
| ૭. | સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામી | ૧૧ |
| ૮. | શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ધર્મવંશી આચાર્યપદ | ૧૨ |
| ૯. | સત્સંગ સુરભિ : આ અમારું બિરુદ છે | ૧૪ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા<br>(૧) સમય વર્તે સાવધાન<br>(૨) કલ્યાણની અનોખી રીત | ૧૬ |
| ૧૧. | ભક્તિ સુધા<br>(૧) પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી "રૂાપણું જીવન કેવુ છે ?"<br>(૨) શ્રીહરિના પરચા<br>(3) બિરૂદની બલિહારી | ૧૮ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૨૩ |

# સંપાદકીયમ

ફાગણ માસ એટલે રંગનો આનંદનો ઉત્સાહનો માસ અને એટલે જ કદાચ નરનારાયણદેવની પ્રતિષ્ઠા માટે શ્રીજી મહારાજે આ માસને પસંદ કર્યો હશે. આજથી ૧૮૮ વર્ષ પહેલાં શ્રીજી મહારાજે ફાગણ સુદી-૩ ને દિવસે કરોડો જીવોના મોક્ષાર્થે સ્વહસ્તે બાથમાં લઈને ભરતખંડના અધિપતિ શ્રી નરનારાયણદેવને પોતાનું સ્વરૂપ જાણી-માની પધરાવ્યા અને આપણને સૌને એવી આજ્ઞા અને આદેશ આપ્યો કે આ શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ અને અમારૂં સ્વરૂપ એમાં લેશમાત્ર ફેર નથી અને જે એમ જાણે જે આ શ્રી સ્વામિનારાયણ તે જુદા છે અને આ શ્રી નરનારાયણદેવ જુદા છે તેણે તો અમને જાણ્યા જ નથી. એવા મહાપ્રતાપી નરનારાયણદેવની પૂજા-શરણાગતિ અને ભક્તિએ અક્ષરધામને અક્ષરપદને પમાડનારી છે. આજે સત્સંગમાં ઘણા બધા એવા કહેવાતા જ્ઞાનીઓ છે જે એમ જાણે માને છે કે આ સ્વરૂપો તો મહારાજના સ્વરૂપ કરતા જુદા છે એમના દર્શન-ભક્તિ ન કરાય તે તો મહારાજની આજ્ઞા પ્રમાણે અજ્ઞાની અને પ્રભુ દ્રોહી છે. આગામી ફાગણ સુદ-૩ ના દિને શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહામહોત્સવ ખૂબ ધામધૂમથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં ઉજવાશે.

ફાગણ માસનો મધ્ય એટલે ફાગણ સુદ-૧૫ (હોળી)નો દિવસ જગત માટે જગતના રંગે રમવાનો દિવસ પણ ભગવાનના ભક્તો માટે તો પ્રભુ ભક્તિના અછુટ રંગમાં રંગાવાનું પર્વ. હોળીનો વળતો દિવસ એટલે ધૂળેટી. સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પ્રાકટ્યોત્સવ આદિ સતયુગમાં ધર્મદેવ અને મૂર્તિદેવીને તપના ફળ સ્વરૂપે પ્રભુએ એવું વરદાન આપ્યું કે "તમારા ઘેર હું ચાર સ્વરૂપે પ્રગટ થઈશ" અને ફાગણ વદ-૧ ના દિને સાબરમતીને કિનારે ધર્મદેવના આશ્રમમાં પ્રભુ નર, નારાયણ, હરિ અને કૃષ્ણ આ ચાર સ્વરૂપે પ્રગટ થયા. એ નરનારાયણદેવના પ્રાકટ્યનો ભવ્યાતિભવ્ય પુષ્પદોલોત્સવ પણ ખૂબ ધામધૂમથી નરનારાયણદેવના પટાંગણમાં ઉજવાશે.

શ્રી નરનારાયણદેવના પાટોત્સવ અને નરનારાયણદેવની જન્મજયંતીના પુષ્પદોલોત્સવનો દિવ્ય લાભ લેવા આપ સહકુટુંબ પધારી ધન્યભાગી બનશો એવી અભ્યર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જાન્યુઆરી-૨૦૧૦)



૨. શ્રી પ્રભા હનુમાનજી જમીયતપુરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૪. ધનસુરા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૫-૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ ધનુર્માસ ધૂન પ્રસંગે પધરામણી.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ચૂડા (મૂળી દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર માણકોલ (તા. સાણંદ) પધરામણી.
પ.ભ. પ્રવિણભાઈ મંગળદાસ પટેલને ત્યાં પધરામણી, નવરંગપુરા

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. વડુ ગામે સત્સંગ યુવા શિબિર પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. થી ૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મોમ્બાસા સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર મયુરનગર (મૂળીદેશ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. જયંતીભાઈ રામદાસ પટેલ (વડુવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, સરસપુર.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.,

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદ (રાજસ્થાન) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા (અમદાવાદ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. અરવિંદભાઈ સેંધાલાલ પટેલને ત્યાં પધરામણી, બોપલ.

૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
જે.ડી. આસા કાસ્ટીંગ યજ્ઞ પ્રસંગે પધરામણી, નરોડા.

# પુષ્પદોલોત્સવ અને રંગક્રીડા

- શાસ્ત્રી સ્વામી અભયપ્રકાશદાસજી ગુરુ
મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)



આજથી લગભગ સવા બસો વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણના સમય કાળમાં ચારે દિશાઓમાં અધર્મ વ્યાપેલો હતો. ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા ત્યારથી ધીરે ધીરે કરતા અધર્મનો નાશ કરી સદ્ધર્મનું સ્થાપન કરતા આવતા હતા. શ્રીહરિએ જોયું કે ચારેય દિશાઓમાં અધર્મ વ્યાપી ચૂક્યો છે. અરે જે ઉત્સવો આનંદ અને ઉમંગ માટે હોય તે ઉત્સવોને તહેવારોમાં પણ વિપરીતતા થઈ રહી છે. ધર્મના નામે લોકોને અધર્મ કરતા જોયા. જે શુદ્ધ પરંપરા તહેવારોની હતી તે નાશ થઈ રહી હતી. જે જન્માષ્ટમીના દિવસે ભગવાનનું ભજન કરી ભગવાનનો પ્રાકટ્યોત્સવ મનાવવાનો હોય એની જગ્યાએ એજ જન્માષ્ટમીએ જુગાર રમાતો જોયો. શિવરાત્રીના નામે મંદિરા, ભાંગ આદિકનું પાન ભગવાન શંકરના પ્રસાદના નામે લેવાતા હતા. નવરાત્રી તેમજ યજ્ઞ યાગાદિકમાં પશુની બલી ચડાવી માંસ ભક્ષણ થતું હતું.

હોળીના દિવસે આનંદ ભેર રંગભર રમવાના બદલે ગાળાગાળી અપશબ્દો કાદવ કિચ્ચડનો વરસાદ થતો હતો. શ્રીહરિએ વિચાર કર્યો અરે ! જે તહેવારો ભગવાનને રાજી કરી આનંદ પ્રાપ્ત કરવાના હોય તે સર્વે તહેવારો આજ વિપરીત રીતે ઉજવાઈ રહ્યા છે. માટે આ તહેવારોમાં રહેલા અધર્મને નાશ કરી શુદ્ધ કરવા જોઈએ. આવો એક દિવ્ય સંકલ્પ કરી શ્રીહરિએ એજ શુદ્ધ પરંપરા વાળા ઉત્સવો ઉજવવાની શરૂઆત કરી. અને એ તહેવારોમાં સર્વેને અતિ આનંદ પણ થયો અને વિપરીતતા પણ ચાલી ગઈ. મહારાજ જ્યારે પણ કોઈ તહેવાર ઉજવવાનો હોય ત્યારે દરેક ભક્ત જનોને દેશ દેશાંતરમાં આમંત્રણ મોકલી એકત્રિત કરતા. રામનવમી હોય તો ધામધૂમથી રામનવમીનો, જન્માષ્ટમીનો હોય તો જન્માષ્ટમીનો, દિવાળી હોય તો અન્નકૂટ આદિકનો ઉત્સવ મહારાજ આનંદભેર કરવા લાગ્યા.

ભગવાન સ્વામિનારાયણ જ્યારે અમદાવાદમાં નરનારાયણદેવના પાટોત્સવ માટે પધારેલા ત્યારે મહારાજના એકાંતિક સ્ત્રી ભક્તોએ આવી મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ બીજા દિવસે સવારમાં વહેલા જાગી નરનારાયણદેવનો જન્મદિવસ હોવાથી મહારાજે સ્વયં મહાપૂજન કર્યું. ત્યારબાદ હિંડોળામાં પધરાવી અનેક પ્રકારના પકવાનો જમાડી આરતી ઉતારી હીંચકાવવા લાગ્યા. અનેક પ્રકારના વાજીંત્રો થી ભજન ભક્તિ થવા લાગી. સંતો ભક્તો ગુલાબની મુઠીઓ ભરી એક બીજા પર ફેંકવા લાગ્યા.

ત્યારબાદ મહારાજ સિંહાસને આવી બેઠા તે સમયે જોબન ભક્ત અને કુબેરભાઈ વગેરે કેસરીયા રંગના મોટા મોટા વાસણો તથા ઘડા ભરીને લાવ્યા અને ઉંડા

હોજ ભરી દીધા. ગામડાના ભક્તો ગુલાલ ભરેલા મોટા મોટા કોથળા ત્યાં લાવ્યા અને હજારો પિચકારીઓથી મહારાજ સાથે રંગે રમવા લાગ્યા. મહારાજ પણ આજ ભક્તોને રાજી કરવા ખોબા ભરીને દરેક ભક્તો ઉપર ગુલાલ ફેંકવા લાગ્યા, સંતો ભક્તો મહારાજ પર અને મહારાજ સંતો, ભક્તો પર ગુલાલ ફેંકે. આમ સામસામા રંગે રમવા લાગ્યા.

રામપ્રતાપભાઈ, ઈચ્છારામજી સાથે, મુક્તાનંદ સ્વામી સાથે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી ને નિત્યાનંદ સ્વામી, શતાનંદ સ્વામીને સચ્ચિદાનંદ સ્વામી, સુરાખાચરને સોમલાખાચર, અલૈયાખાચર ભગુજી સાથે વસ્તાખાચર ઝીણાભાઈ સાથે પ્રાગજી પુરાણી મયારામભટ્ટ સાથે જોબનપગી કુબેરભાઈ સાથે આમ અંદરો અંદર આનંદભેર રંગે રમવા લાગ્યા.

સોમલા ખાચરે રંગનો ઘડો લઈ સુરાખાચર ઉપર ઢોળી નાખ્યો. તેથી સુરાખાચરે હસતા હસતા સોમલા ખાચરને પાડી અને આખા શરીરે ગુલાલ ગુલાલ કરી નાખ્યા તે જોઈને બ્રહ્માનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીનો ત્યાગ કરી સુરાખાચરને પકડી અને આખા મોઢા પર ગુલાલનો લેપ કરી દીધો. તુરંત સુરા ખાચરે બ્રહ્માનંદ સ્વામીની ચોટલી પકડી. આખા મોઢા પર તેમજ આંખમાં ગુલાલ ભરી દીધો. આંખમાં ગુલાલ ઉડ્યું તેથી સ્વામીને દેખાતુ બંધ થઈ ગયું અને અકળાઈ ગયા. તેથી સુરાખાચરને માથે ટાલ છે એવું ભૂલી ગયા અને ચોટલી પકડવા વારંવાર માથામાં હાથ ફેરવવા લાગ્યા. આ દૃશ્ય જોઈ મહારાજ હસી પડ્યા. અને સિંહાસન ઉપરથી દોડી સુરાખાચરને પકડી તેના માથે રંગનો ભરેલો ઘડો રેડી ખોબા ભરી ભરી સુરાખાચર પર ફેંકવા લાગ્યા. આમ આનંદ ભેર સંતો ભક્તો અને મહારાજ રંગભેર હોળી રમીને નારાયણઘાટ સાબરમતીમાં જઈને સ્નાન કર્યું.

આમ મહારાજે તહેવારોને શુદ્ધ રીતે ઉજવી ઉત્સવોમાં રહેલા દુષણને દૂર કરી આપણને આ શુદ્ધ તહેવારોની પરંપરા આપી.

આપણે આજે પણ એ મહારાજની આપેલી શુદ્ધ પરંપરા પ્રમાણે ઉત્સવો ઉજવી રહ્યા છીએ. અને ઉજવીએ એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

ઠાલું ઠેલી રે. જીવ જાવું છે.''

શાસ્ત્રો એમ કહે છે કે માણસ જ્યારે જન્મે છે ત્યારે કશું સાથે લઈ જન્મતો નથી. અને મરે છે ત્યારે પણ કાંઈ જ સાથે લઈને જતો નથી. હા લાવે છે. અને લઈ જાય છે. તો કેવળ કરેલા કર્મ અને કરેલા પાપ, પુણ્ય.

બે ધનવાન સગા ભાઈઓ હતા. તેમાં એક સદાચારી અને દાતા હતો તેથી અનેક સ્થાનોમાં પરોપકાર કરતો તથા દુઃખીઓના દુઃખો મટાડતો. અને બીજો હતો તે લોભી હતો અને શ્રદ્ધા વિનાનો હતો. તેથી પુણ્ય દાન કરતો નહિ. સમય જતા દાનેશ્વરી હતો તે બિમાર પડ્યો તેથી તેનો નાનો ભાઈ રૂપીયા લઈને આવ્યો અને બોલ્યો : હે ભાઈ ! હું તમારા રૂપિયા ઉછીના લઈ ગયો હતો તે દેવા આવ્યો છું. ત્યારે મોટા ભાઈ બોલ્યા : હવે તો હું આ લોકમાં રહેવાનો નથી તેથી તું પરલોકમાં આવે ત્યારે સાથે લેતો આવજે એટલે મને ત્યાં કામ આવે. આવું સાંભળી નાનો ભાઈ બોલ્યો : અરે ભાઈ પરલોકમાં કંઈ પણ સાથે ન આવે. તો પછી તમારા રૂપિયા કેવી રીતે લાવું ? આવું સાંભળી મોટાભાઈ બોલ્યા : તું કાંઈ પણ દાન પુણ્ય કરતો નથી અને તમામ આવક ભેગી કરે છે. તો બધી સંપત્તિ તારી સાથે આવશે ખરી ? તુરંત નાનો સમજી ગયો અને મોટાભાઈની માફી માગી પરોપકારમાં પોતાની સંપત્તિ વાપરવા લાગ્યો.

આ જગતમાં જે પણ કાંઈ છે એ સર્વ ભગવાનનું છે અને એમણે આપણને આપ્યું છે. અને એમાંથી આપણે આપવાનું છે.

એક સજ્જન નીચી દૃષ્ટિ કરીને જ દાન આપતા તેથી એક સંતે તેમને પૂછ્યું ભાઈ આમ કેમ? તેમણે કહ્યું.

''દેન હાર કોઈ ઔર હે, દેત રહત દિન રેન
લોક ભરમહમપર ઘરે, તાતે નીચે નૈન.''

હે મહાપુરુષ : મને સંપત્તિ આપનાર તો ભગવાન છે. હું તો કેવળ નિમિત્ત માત્ર છું. અને દાન દીધા કરું છું. પરંતુ મને જોઈને લોકો વખાણ કરે છે. તે સાંભળીને મને શરમઆવે છે. તેથી હું નીચે જોઈને દાન આપું છું.

તન પવિત્ર સેવા કિયે, ધન પવિત્ર દીયે દાન,
મન પવિત્ર હરિ ભજન સે, ઈસ બિધ હો કલ્યાણ.

# હરિદ્વાર પવિત્ર ગંગામાં ૨૦૧૦ નો પૂર્ણ કુંભ મહાપર્વ

- સાધુ વ્રજભૂષણદાસ ગુરુ સ્વામી શ્યામસુંદરદાસજી (હરિદ્વાર)

अकाल मृत्यु हरणं सर्व व्याधिविनाशनम् ।
विष्णु पादोदकं पीत्वा पुर्नजर्न्म न विदते ॥

આ દેવોની ભૂમિ એટલે હરિદ્વાર. આપણા દેશમાં ચાર જગ્યાએ કુંભ મેળો ભરાય છે. જેમાં હરિદ્વાર, અલ્હાબાદ, ઉજૈન અને નાસિક આ મહા અલૌકિક કુંભ મેળો તે કુંભ નિશ્ચિત ગૃહ, રાશિ અને નક્ષત્ર પ્રમાણે જ ભરાય છે.

શ્રી નરનારાયણદેવ તાબાના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર, શંકરાચાર્ય ચોકમાં બિરાજમાન શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી સંત-હરિભક્તોના સાથ સહકારથી આપણે પણ આ સદીના પ્રથમ કુંભમેળામાં ગંગા કિનારે હરિદ્વારમાં સુંદર આયોજન કર્યું છે. હિમાચલ પ્રદેશમાંથી ઉત્તરાખંડ અલગ રાજ્ય બન્યુ તેનો પણ આ પ્રથમ કુંભ છે. આ મહા કુંભ પર્વમાં આપણા સંપ્રદાયના હજારો અનુયાયીઓ લાભ લેવા પધારશે. જેથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીંના મહંત સ્વામીએ આ પ્રસંગે કથા વાર્તા ધૂન ભજન અને સમૂહ મહાપૂજા, સમૂહ જન મંગલ પાઠ આદિ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. તેમજ યાત્રિકો માટે અન્નક્ષેત્ર પણ ચાલુ કર્યુ છે. તો તેમાં આપ સૌ વ્હાલા ભક્તજનો અનાજ, દાળ, ચોખા, લોટ, ઘી, તેલ, ગોળ અને ખાંડ વગેરે વસ્તુઓ આપણા મંદિરમાં આપીને તન, મન અને ધનથી સહકાર આપી આવા ભવ્યાતિ ભવ્ય કુંભ મેળાના મહાપર્વમાં પુણ્યમાં સહભાગી બની આપનું જીવન ધન્ય બનાવશો.



**પૂર્ણ કુંભ મહાપર્વ સ્નાન મહાત્મ્ય**

अश्वमेधसहस्त्राणि, वाजपेय शतानिच ।
लक्षप्रदसिणां भूमेः कुम्भस्नानेन तत्फलम् ॥
(વિષ્ણુપુરાણ)

૧ કરોડ વર્ષ સુધી નર્મદા નદીમાં ગળાડૂબ બેસી જપ કરવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તે એકવાર કુંભ સ્નાન કરવાથી થાય છે.

सहस्त्रं कार्तिक्रे स्नानं माधे स्नान शतानिच ।
वैशाखे नर्मदा कोटिः कुम्भ स्नानेन तत्फलम्
(સ્કન્દ પુરાણ)

એક કરોડ ગાયોનું દાન આપનારને જે ફળ થાય છે તે એકવાર કુંભ પર્વમાં સ્નાન કરવાથી ફળ પ્રાપ્ત થાય છે.

આવો અતિ સુંદર મહિમા કુંભ સ્નાનનો છે. માટે કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારી લેવો.

**કુંભ સ્નાનની વિગત**

૧૪ જાન્યુઆરી મકર સંક્રાંતિ, ૧૫ જાન્યુઆરી મૌની અમાસ સૂર્યગ્રહણ, ૨૦ જાન્યુઆરી વસંત પંચમી, ૩૦ જાન્યુઆરી માધી પૂર્ણિમા, ૧૨ ફેબ્રુઆરી મહા શિવરાત્રી પ્રથમ શાહી સ્નાન, ૧૫ માર્ચ સોમવતી અમાસ દ્વિતીય શાહી સ્નાન, ૧૬ માર્ચ નવરાત્રા પ્રારંભ, ૨૪ માર્ચ રાનવમી શ્રીહરિ જયંતી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી ભગવાનનો પ્રાકટ્ય દિન, ૩૦ માર્ચ વૈરાગી અખાડા સ્નાન, ૧૪ એપ્રિલ મેષ સંક્રાંતિ તૃતિય શાહી સ્નાન, ૨૮ એપ્રિલ વૈશાખ અધિક માસ પૂર્ણિમા, ૧૪ મે વૈશાખ અધિક માસ પૂર્ણ, ૧૬ મે અક્ષય તૃતિયા પૂર્ણ, ૨૦ મે ગંગા જયંતી. મહાકુંભ મેળો સમાપન



# આનંદની હેલી

## તપસ્વી સંતો

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

હુતાસની પર્વ ઉપર બધા સંતોને મહારાજે ગઢડા તેડાવ્યા છે. સમાચાર મળતા નદીઓ જેમ સમુદ્રને મળવા ત્વરિત ગતિએ ગતિ કરે તેમ સંતો મહારાજ તરફ ધસી ગયા.

સંતો કુંડળ ગામમાં આવ્યા, તે સમાચાર મળતાં મહારાજ અશ્વ ઉપર બિરાજમાન થઈને કુંડળ પધાર્યા. મામૈયા પટગરને ઘેર ઉતારો કર્યો. એ વખતે સંતો ખટરસના કડક નિયમો પાળતા હતા. એટલે સંતો માટે મીઠા વગરની થુલી બનાવેલી. સંતો અને શ્રીહરિ આ મોળી થુલી જમ્યા.

આ જોઈને સુરાખાચર વગેરે કાઠી ભક્તોને સંતો પ્રત્યે ખૂબ સહાનુભૂતિ થઈ હતી. સુરાખાચરે પાઘડી ઉતારી વારંવાર પ્રભુને પ્રાર્થના કરી કે હે કૃપાનાથ ! તમે કૃપા ક્યાં મૂકી આવ્યા છો? આ બિચારા સંતોના શરીર સામે જુઓને! પવન આવે તો પડી જાય એવા દુબળા થઈ ગયા છે ! હવે તો દયા કરો. અને ખટરસના નિયમ છોડાવો. બ્રહ્મમુનિ પણ સંતોને જોઈને દીન થઈ ગયા. એટલે કારીયાણીની સભામાં સ્વામીએ થોડું નાટક ભજવ્યું. રાત્રી સભામાં સ્વામી જાણે દેખતા ન હોય એમ હાથથી સંકેત કરવા લાગ્યા. અલ્યા સાધુ, ક્યાં ગયો ? ચારે દિશામાં હાથ ફેરવવા માંડ્યા. અલ્યા સાધુ ! ક્યાં ગયો ? એય સાધુ !

સ્વામીનો શિષ્ય હાજર થયો. હા સ્વામી ! બોલો શું આજ્ઞા છે ? સ્વામીએ હાથના સંકેતથી કહ્યું કે મારી સાત તાર વાળી વીણા લાવને. મહારાજ આગળ કીર્તનો ગાવા છે. આ જોઈને સંતવલ્લભ શ્રીહરિ હસવા લાગ્યા. અને બોલ્યા, બ્રહ્મમુનિ ! આંખે દેખાતું નથી કે શું ? મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા કે મહારાજ ! આ ખટરસના અતિ કઠણ નિયમથી સંતો બધા રતાંધળા થયા છે. કોઈને રાત્રે દેખાતું નથી. ફક્ત અમારૂં મંડળ ડભાણમાં હતું તેઓ બડેલીની ભાજી ખાઈને દેખતા રહ્યાં છે. આ સાંભળી દયાનિધિ શ્રીહરિને દયા આવી ગઈ. તરત જ ખટરસના નિયમોમાંથી મુક્તિ આપી. જીવાખાચરની રસોઈ હતી. એટલે શ્રીહરિએ સંતોને ખૂબ મિષ્ટાન્ન જમાડ્યા.



# મૂળીમાં શ્રીહરિ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

આ ગામમાં ઊતારો કરાય એવું કોઈ બ્રહ્મશ્રેષ્ઠીનું ઘર હશે ? ભોગાવો નદીમાં સ્નાન કરતા એક યુવાને કપડાં ધોતા સ્થાનિક આદમીને પૂછ્યું.

એ હરખજી ખત્રી હતા. તેણે યુવાન સામે જોતાં કહ્યું, તમે કોણ છો ? ક્યાંથી આવો છો ?

બ્રહ્મપુત્ર છીએ. બ્રહ્મચારી છીએ. બ્રહ્મસ્વરૂપ છીએ. અને સજ્જનોના સંગી છીએ.

એટલે તમે બામણ છો ને ? એમ હું પૂછું છું.

હા. જ્ઞાતિએ તો બ્રાહ્મણ છીએ. એ યુવાન બોલ્યો.

તો આ ગામમાં એક ઘેલા જોશી છે. બહુ પવિત્ર બામણ છે. એમને ત્યાં જાઓ.

શ્રીહરિ પૂછતા પૂછતા ઘેલા જોશીના ઘેર ગયા. ભૂદેવે સન્માનપૂર્વક આવકાર આપ્યો. મોટા ફળિયામાં વિશાળ લીંબડો હતો. થડને ફરતો મોટો ઓટો બનાવ્યો હતો. ઓટા ઉપર ધડકલી નાખી બેસાર્યા. સ્વચ્છ પાણીનો લોટો ભરી લાવ્યા.

થોડી ક્ષણો પછી જોશીએ પૂછ્યું, મહારાજ ! અમારે રસોડે જમશો કે આપ જાતે જ રસોઈ બનાવશો ?

અમારે તો આજે એકાદશી વ્રત છે.

તો ફરાળ કરશો ને ? ગામ માંથી લઈ આવું.

જેવી તમારી મરજી.

ગામડામાં ફરાળ માટે સામાન્ય રીતે પેંડા મળે. ઘેલા જોશી શુદ્ધ પેંડા લઈ આવ્યા. વિષ્ણુને નિવેદ ધરી શ્રીહરિ તે પેંડા જમ્યા. જોશીના પત્ની અમૃતબાએ તાજુ દહીં વાટકો ભરી વર્ણીને આપ્યું.

નાના ગામમાં કોઈ પ્રસંગ બન્યો હોય તો તરત આખા ગામમાં ખબર પડી જાય. શ્રીહરિમાં અદ્‌ભુત આકર્ષણ તત્વ હતું. માનવ દેહમાં પણ દિવ્યતાનાં દર્શન થતાં. કર્ણોપકર્ણ બધાને જાણ થઈ કે ઘેલા જોશીને ઘેર ઈશ્વર મૂર્તિ સમા ભારે તેજસ્વી બ્રહ્મચારી આવ્યા છે. દર્શન કરવા જેવા છે. વાત સાંભળી ગામ વાસી બધા જોશીના ઘેર આવવા લાગ્યા.

દૈવયોગે બરાબર આ સમયે ગામમાં બીજા એક બ્રહ્મચારી આવ્યા. વિલક્ષણ લક્ષણ ધરાવતા આ બ્રહ્મચારી પણ ઘેલા જોશીના ઘેર આવ્યા. મોટું ફળિયું અને વિશાળ ચોતરો હોવાથી આ બ્રહ્મચારીને પણ જોશીએ શ્રીહરિની બાજુમાં ઉતારો આપ્યો. જમાડ્યા પણ ખરા. પછી તે બ્રહ્મચારીએ યોગની અને આત્મ દર્શનની વાતો લોકો આગળ કરવા માંડી.

શ્રીહરિએ કહ્યું, માત્ર વાતો કરવાથી યોગ સિદ્ધ થતો નથી. અને સિધ્ધિ વિના તો આત્મદર્શન થાય નહિ. યોગ સિદ્ધ કરવો અતિ કઠણ છે. એમ કહીને પોતે ચોર્યાશી આસન, નોળી, કુંજર, નેતિ-ખસ્તિ, વ્રજોલી, અમરોલી, ખેચરી વગેરે યૌગિક ક્રિયાઓ ગામ લોકો સમક્ષ કરી બતાવી. આવી અદ્‌ભુત યોગ ક્રિયાઓ જોઈ લોકોને ઘણું આશ્ચર્ય થયું. આ તો ભારે મોટા યોગેશ્વર લાગે છે. આવું કોઈથી થાય નહિ એમ સૌ કહેવા લાગ્યા. પછી પેલા મિથ્યા બ્રહ્મચારી સામે જોઈ શ્રીહરિએ કહ્યું, સામાન્ય મનુષ્યને યોગ સિદ્ધ કરવો ઘણો દુષ્કર પડે. તેને તો આત્મ દર્શનની બીજી સરળ રીત બતાવવી ઘટે.

આમાં આપણે નહિ ફાવીએ એમ લાગતાં તે કપટી બ્રહ્મચારીએ જાદું-મંતરનો આશરો લીધો. તેણે અમૃતબાને કહ્યું, ઘરમાં કોઈ તાંબાનું વાસણ હોય તો લાવો. અમૃતબા હડી કાઢી ઘરમાં ગયા. હાથવગું તે હથિયાર એમ જાણી પાણીયારેથી તાંબાની લોટી લઈ આવ્યા. તે બ્રહ્મચારીને આપી. તેણે લોટી ઉપર કંઈક અષ્ટંપષ્ટં બોલી પ્રક્રિયા કરી. લોટી સોનાની થઈ ગઈ !

શ્રીહરિએ કહ્યું, તમે આવી બધી મહેનત મિથ્યા કરી. સોના રૂપાં તો મહાપુરુષોનાં વચનમાં રહ્યાં છે.

જાદુગર બોલ્યો, જે બોલે છે તે કરી શકતા નથી. જે કરે

છે તે બોલતા નથી. તમે કંઈ કરી દેખાડો તો દેખીએ.

યોગેશ્વર ભગવાને કહ્યું. અમારા ગુરુના પ્રતાપે અમે ધારીએ તે કરીએ છીએ. અમે નથી ધારતા તે જગતમાં પણ નથી થતું. તમે બધા અમારા મુખ સામે જુઓ.

કુતૂહલવશ બધા સ્ત્રી-પુરુષો શ્રીહરિના મુખારવિંદ સામે એકીટશે જોઈ રહ્યા. શ્રીહરિએ મુખ ખોલ્યું. વિશાળ મુખમાં સુવર્ણનાં, રૂપાના તથા સોનામહોરોના ઢગલા દેખાયા. જોનારા આશ્ચર્યચકિત થઈ ગયા. તે પછી વર્ણીના શરીરમાંથી તેજ નીકળતુ જોયું. તે તેજ એકદમ શીતલ અને આહલાદક હતું. તેની મધ્યમાં મહાપ્રભુના દિવ્ય મનોહર દર્શન થયાં. દર્શનથી બધાને સમાધિ થઈ ગઈ. સમાધિમાં સૌએ પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કર્યા. સર્વજનો શ્રીહરિને ઈશ્વરમૂર્તિ જાણી પગે લાગ્યા. કેટલાકે તો ગામમાંથી હાર લાવી બ્રહ્મચારીને પહેરાવ્યા. કેટલાક સાકરના પડા લાવ્યા. કેટલાકે શ્રીફળ લાવી શ્રીહરિને અર્પણ કર્યા.

શ્રીહરિએ કહ્યું, હે સુજ્ઞજનો ! અમારા ગુરુના પ્રતાપે, તેમના આશીર્વાદથી અને તેમની પ્રસન્નતાથી અમને વણ માગ્યું. ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે, પરંતુ અમને તેમાં રસ નથી. અમને તો પ્રભુ ભક્તિમાં રસ છે. ઐશ્વર્ય તો અમે આમ બતાવીએ છીએ જુઓ, એમ કહીને શ્રીહરિએ પાસે પડેલી પથ્થરની શિલાને પગ અડકાડ્યો. આખી શિલા સોનાની થઈ ગઈ ! ગ્રામજનોએ આનંદ ઉત્સાહમાં મોટેથી બ્રહ્મચારી મહારાજની જય બોલાવી.

નાના ગામમાં દિવ્ય ચમત્કારનો ઉદ્‌ઘોષ ઘણો થયો. મૂળી દરબારી ગામ હતું. ત્યાંના રાજાને ખબર પડી. રાજા પણ તેમના ભાયાતોની સાથે શ્રીફળ-સાકર લઈ ચાલતા ચાલતા શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિનું અલૌકિક તેજસ્વી મુખારવિંદ જોઈને જ નિશ્ચય કરી લીધો કે આ કોઈ દિવ્ય પુરુષ ઈશ્વર મૂર્તિ છે. ભેટ ધરી પગે લાગ્યા. શ્રીહરિએ રાજાના દરજ્જા પ્રમાણે સત્કાર કરી તેની સાથે વાતો કરી. બધા દરબારોને આશીર્વાદ આપ્યા ત્યારે દરબારોએ કહ્યું, હે બ્રહ્મચારીજી ! અમે આપને ઈશ્વર સમજીએ છીએ. આપના ચમત્કારોની વાત સાંભળી અહીં આવ્યા છીએ. અમારી આપને પ્રાર્થના છે કે અમારા ઈષ્ટદેવ શ્રી માંડવરાયના અમને દર્શન કરાવો.

શ્રીહરિએ કહ્યું, અમારી સામે જુઓ. જેને વિશ્વાસ હશે, શ્રધ્ધા હશે, તેમને માંડવરાય દર્શન આપશે. પોતે આંખો મીંચી ધ્યાન મુદ્રામાં બેઠા. દરબારો મુખારવિંદ સામે જોઈ રહ્યા. તેમણે એકદમ તેજ નિહાળયું. અતિશય ઉગ્ર તેજ જોઈ દરબારો બોલ્યા હે દાદા ! આપનું તેજ ખમાતું નથી. સૌમ્ય સ્વરૂપે દર્શન આપો. ત્યાં તો તેજમાં શીતળતા વ્યાપી ગઈ. અને તેમાં માંડવરાયનાં દર્શન થયા. માંડવરાયે કહ્યું, હે રાજવંશીય પુરુષો ! જેમની આજ્ઞાથી હું દર્શન આપવા આવ્યો છું તે આ બ્રહ્મચારી આ શ્રીહરિ અમારા પણ ઈષ્ટદેવ છે. તમે તેમનો આશ્રય કરજો. તમારું કલ્યાણ થશે. એમ કહી અંતર્ધાન થઈ ગયા. અને એજ જગાએ શ્રીહરિને બેઠેલા જોયા. દરબારોએ એકી અવાજે જયઘોષણા કરી. બ્રહ્મચારીનો જય હો ! બ્રહ્મચારીનો જય હો ! આપે અમને માંડવરાયજીનાં દર્શન કરાવ્યાં. પરંતુ આપ તો એનાથી પણ મોટા પરમેશ્વર છો. ભગવાન છો. હવે અમે સૌ તમારે શરણે છીએ. તમે કહેશો તેમ કરીશું. એ વખતે તો શ્રીહરિએ તેમને માત્ર આશીર્વાદ જ આપ્યા.

આવા દિવ્ય ચમત્કારથી આખા ગામમાં આનંદોત્સવ થઈ રહ્યો. રાત્રે ઘેલા જોશીએ પત્નીને કહ્યું, આ શ્રીહરિ સ્વયં ભગવાન છે એમાં મને લવલેશ શંકા નથી. કાલે એકાદશીના પારણામાં આપણે તેને જમાડીએ. તેઓ પ્રસન્ન થશે તો પુત્ર સુખ પણ મળશે. અમૃતબા આ પ્રસ્તાવથી ખૂબ રાજી થયા.

વહેલી સવારે ઉઠી અમૃતબાએ સ્નાન કરી, પવિત્ર તન-મનથી રસોઈ બનાવી. ઘેલા જોશી પૂજાની સામગ્રી લઈ આવ્યા. ગરમ પાણી કરી શ્રીહરિને સ્નાન કરાવ્યું. સ્વચ્છ અબોટિયું પહેરવા આપ્યું. મહા પ્રભુએ નિત્યવિધિ કરી. પછી સુંદર પાટલા પર નવું કપડું પાથરી તેના પર શ્રીહરિને જમવા બેસાડ્યા. અમૃતબાએ રસોડામાં થાળ તૈયાર કર્યો. ઘેલા જોશી તે થાળ ઉપાડી શ્રીહરિ પાસે લાવ્યા. પ્રેમથી તેમની આગળ મૂક્યો. થાળમાં લાડુ, દાળ, ભાત, શાક, કઠોળ, ભજિયા અને દૂધપાક પુરી હતા. બાજુમાં મરચાં અને કેરીનું અથાણું હતું. નાની વાટકીમાં રાયતું પણ અલગ રીતે મૂક્યું હતું.

પતિ પત્ની બંને જણાએ વિનંતી કરી આગ્રહપૂર્વક મહારાજને કહ્યું, હે બ્રહ્મચારી મહારાજ ! તમે ધીરે ધીરે જમજો. પ્રેમથી રસોઈ બનાવી છે. કંઈ ઊણપ હોય તો

ક્ષમા કરજો.

શ્રીહરિ પેટ ઉપર હાથ ફેરવતા બોલ્યા, હે અમૃતબા ! તમે રસોઈ બહુ જ સારી બનાવી છે. આટલી બધી વસ્તુઓ એકલે હાથે થોડા સમયમાં કેવી રીતે બનાવી ? તમે ખરેખર રસોઈ કળામાં પ્રવિણ છો. બધી રસોઈ સ્વાદિષ્ટ બની છે. શ્રીહરિએ કરેલી પ્રશંસાથી અમૃતબાને અનહદ ખુશી થઈ.

પછી ઘેલા જોશીએ શ્રીહરિની પૂજા કરી. શક્તિ પ્રમાણે ભેટ ધરી. પતિ, પત્ની તથા તેમની પુત્રીઓ સહુ પગે લાગ્યા.

અને તમારા પર રાજી છીએ. તમારે કાંઈ કહેવું છે ? શ્રીહરિએ પૂછ્યું.

હે બ્રહ્મચારી મહારાજ ! અમારે આ તમારી પાસે ઊભી છે તે સાત દીકરીઓ છે. પણ પિતૃ તર્પણ કરનાર કોઈ નથી. આપ કૃપા કરો તો ........

શ્રીહરિએ કહ્યું, તમારે ત્રણ દીકરા થશે. તેમાં મોટા દીકરાનો વંશ રહેશે. દીકરીઓમાં સૌથી નાની..... શું નામછે એનું ?

કુશલ, કુશલ, આપને નાહવા માટે પાણી આપ્યું હતું તે દીકરી.

હા. એ નાની કુશલનો વંશ વધશે. સુખી થશે.

કુશલ મહારાજને પગે લાગી. શ્રીહરિની પ્રસન્નતા પામી ઘેલા જોષીનું કુટુંબ ધન્ય બની ગયું.

શ્રીહરિએ સંવત ૧૮૫૯ માં પ્રથમવાર મૂળીની ધરતીને પાવન કરી હતી. તે સમયનો આ પ્રસંગ છે.તુલસીદાસજી પોતાની કુશાગ્ર બુદ્ધિથી સંસારના સકળ જીવનનો સરવાળો કરતાં લખે છે કે મને તો એ મારા પ્રાણ કરતા પણ અનેક ઘણો વધુ વાહલપ ઉપજાવે છે. જેને પ્રભુ પદમાં પ્રીતિ પ્રગટ થઈ ચૂકી છે. રામસે અધિક રામકે દાસા. વામનજી ભેળી લાકડી વધી તેમ શ્રીહરિમાં જે કોઈ સંતો ભક્તો ઓગળી ગયા તે શ્રીહરિના મોલે મૂલવાતા રહ્યા છે. તેમાં પણ જેને એ હીરલો પ્રગટ પ્રમાણ હાથ લાગી ગયો એવા પ્રગટ ઉપાસી પરમહંસો એ જેના પળે પળ અને ઘડીએ ઘડીના દિવ્ય અને માનુષી ચરિત્રો જોયા - માણ્યા અને મટકાયે રહિત એને હરતા-ફરતા, જમતા-જમતા, રમતા-ભમતા, તે સમૈયા ઉત્સવોના સુખડાની લ્હાણો ઊછાળતા અનુભવ્યા એવા સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણમા અનહદ પ્રીતિના એવા તો ઓડકારી લ્હાવા લીધા અને તેને હજારો-હજારો પદોમાં ગાયા. ગાનાર-સાંભળનાર, લખનાર અને વાંચનાર સૌ વર્ષો પછી પણ આજે તરોતાજી ધન્યતા અનુભવે છે. ઉપરોક્ત પદ જેવા પરોક્ષ કવિઓની રચનાઓને પણ પ્રત્યક્ષના અનુસંધાને પલટાવી તેમાંથી પણ દિવ્ય રસા સ્વાદના સુખડા માણતા કરી મુક્યા એ પણ સર્વોપરિ શ્રીહરિની એક આગવી વિશિષતા છે જેને નત મસ્તક વંદના કરતા રહીએ...

## આપણા આગામી ઉત્સવો

**ફાગણ સુદ-૨ :** મંગળવાર તા. ૧૬-૨-૨૦૧૦ ચરડાવા શ્રી સ્વામિનારાયણ મંદિર સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ

**ફાગણ સુદ-૩ :** બુધવાર તા. ૧૭-૨-૨૦૧૦ શ્રી **સ્વામિનારાયણ મંદિર અમદાવાદ સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૮ મો પાટોત્સવ મહોત્સવ.**

**ફાગણ સુદ-૪ :** ગુરુવાર તા. ૧૮-૨-૨૦૧૦ સાપાવાડા મંદિરનો પાટોત્સવ.

**ફાગણ સુદ-૫ :** શુક્રવાર તા. ૧૯-૨-૨૦૧૦ કાંકરિયા મંદિર પાટોત્સવ અને શહેર ચોર્યાસી.

**ફાગણ સુદ-૭ :** રવિવાર તા. ૨૧-૨-૨૦૧૦ ખાણ મંદિરનો પાટોત્સવ.

નોંધ : આવતા વર્ષે ખાણ મંદિરનો રજતી જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે.

**ફાગણ સુદ-૮ :** સોમવાર તા. ૨૨-૨-૨૦૧૦ એપ્રોચ (બાપુનગર) મંદિરનો પાટોત્સવ.

**ફાગણ વદ-૨ :** મંગળવાર તા. ૨-૩-૨૦૧૦ શ્રી નરનારાયણ જયંતી અમદાવાદ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય ફૂલદોલોત્સવ

**ફાગણ વદ-૮ :** સોમવાર તા. ૮-૩-૨૦૧૦ જેતલપુરધામમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ મહોત્સવ.

માઉન્ટ આબુની તળેટીમાં શિરોહી જિલ્લામાં 'ખાણ' ગામે બારોટ શંભુદાન અને લાલુબાને ત્યાં બ્રહ્માનંદ સ્વામીનો જન્મ ઈ.સ. ૧૭૭૨ એટલે કે સંવત ૧૮૨૮ ના વસંત પંચમીના મંગળ દિને થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ'લાડુદાનજી' હતું. તેમની તેજસ્વિતા અપૂર્વ હતી અને મુખાકૃતિ પણ આકર્ષક હતી.

પોતાની બુદ્ધિ-પ્રતિભાના બળે ગુજરાતી અભ્યાસ થોડા જ સમયમાં પરિપૂર્ણ કર્યો. પીંગળ શાસ્ત્ર ભણાવવાનો બધો જ ખર્ચ ઉદેપુરના રાણાએ આપ્યો હતો. ધમડકા ગામે (કચ્છમાં) પિંગળ તથા સંસ્કૃત શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેમને અનેક રાજાઓ તરફથી પુરસ્કારો અને રાજકવિ તરીકેના ખિતાબો મળ્યા હતા.

ભુજમાં સહજાનંદ સ્વામીને મળવા આવ્યા. મહારાજનાં દર્શન કરીને હર્ષને લીધે આંખો અશ્રુભીની બની. ગઢડા મુકામે જતી વખતે તેમણે મનોમન સંકલ્પ કર્યો કે મને ગુલાબનો હાર આપે અને ચરણારવિંદમાં સોળ ચિહ્નનોના દર્શન કરાવે તો ભગવાન માનું. તેમના બંને સંકલ્પો સિદ્ધ થયા અને તરત જ.

"આજની ઘડી રે ધન્ય આજની ઘડી......"

એ કીર્તન રચ્યું. તેમને મહારાજમાં ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થઈ ગયો. લાડુદાનજીએ પોતાને મળેલાં જરિયાની પોશાકો, કિંમતી આભૂષણો, હીરા રત્ન જડિત દાગીના વગેરે ત્યાગી દઈ ભગવાનના ચરણમાં પ્રદાન કરીને દીક્ષા લેવા ઈચ્છા દર્શાવી. મહારાજે દીક્ષા આપી 'બ્રહ્માનંદ સ્વામી' નામ રાખ્યું.

તેમણે મારવાડી, વ્રજભાષા, કચ્છી, ગુજરાતી, સંસ્કૃત વગેરે ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમની કાવ્ય શક્તિ અને વાક્ચાતુરી અનેરી, અનોખી અને અજોડ હતી. તેઓ શતાવધાનના પ્રયોગો પણ કરી જાણતા હતા.

ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય તપ, સંયમ અને સદુપદેશ તેમનાં કીર્તનો અને પદોમાંથી સ્પષ્ટ તરી આવે છે. એમનાં પદોમાં હૃદયના ભાવો, લાગણીઓ, ઊર્મિઓ, સંવેદનો અને અનર્ગળ પ્રીતિની અભિવ્યક્તિ અનોખી, અનેરી અને આગવી હતી.

- 'લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી રે...'
- 'રે શિર સાટે નટવરને વરીએ..........'
- 'રે સગવણ હરિવરનું સાચું,
  બીજુ સર્વે ક્ષણભંગુર કાચું.......'

બ્રહ્માનંદ સ્વામીએ ભારે જહેમત ઉઠાવીને વડતાલ, જૂનાગઢ, મૂળી વગેરે ધામોમાં શિખરબધ્ધ મંદિરો બંધાવ્યા



સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામી

છે. શ્રીહરિ સાથે બ્રહ્માનંદ સ્વામીને સખાભાવ હતો. અરે ! બ્રહ્માનંદ સ્વામી જેવા સંત તો સારાય બ્રહ્માંડમાં મળવા શક્ય નથી. મહારાજે વચનામૃતમાં જણાવ્યું છે કે, "બ્રહ્માનંદ સ્વામી તો હનુમાનજી જેવા યતિ છે............."

બ્રહ્માનંદ સ્વામી દરેક ક્રિયામાં ત્રણેય અવસ્થામાં મહારાજના અખંડ દર્શન કરતા હતા, તેમણે લગભગ ૧૭ જેટલા ગ્રંથો રચ્યા છે, અને ૧૦,૦૦૦ થી વધુ કીર્તનનાં પદો રચ્યાં છે. બ્રહ્માનંદના હૈયાના હોજમાં પ્રીતિની સરવાણીઓ ફૂટે છે અને તેનો આનંદ તેમનાં પદોમાં ફેલાય છે. પંચવિષયના ત્યાગી એવા આ કવિ દેહની નશ્વરતા બતાવતા કહે છે :

"આ તન રંગ પતંગ સરીખો,
જાતા વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપત્તિ મેલી,
તારી નજરું આગેજી..."

તેમના જન્મસ્થાન 'ખાણ' મુકામે આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી શિખરબધ્ધ મંદિરની ધજાઓ આજે લહેરાઈ રહી છે, જેને આવતા વર્ષે ૨૫ વર્ષ પુરા થશે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે અને આ 'ખાણ' ગામ સદાને માટે 'સત્સંગની ખાણ' બને એ જ અભ્યર્થના!

પ્રો. મહાદેવ ધોરીયાણી (રાજકોટ)

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ધર્મવંશી આચાર્યપદ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

આ ભરતખંડમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્ય અવતાર ધારણ કરીને શુધ્ધ સનાતન વૈદિક ધર્મનું સ્થાપન કર્યુ. આ લોકના તમામ સ્તરના લોકો માટે સદાચાર, સદ્‌વર્તનનો સુમાર્ગ ચિંધ્યો. પોતાના આશ્રિતોના આત્યંતિક કલ્યાણ અર્થે સ્વયં ત્રણ ગુઢ સંકલ્પો કર્યા, સત્‌શાસ્ત્ર, દેવ મંદિર અને આચાર્યોનું સ્થાપન કરવું. જગતમાં ઘણા લોકો પોતાને જ્ઞાનાચાર્ય, યોગાચાર્ય, ધર્માચાર્ય કહેવડાવતા હોય છે. આજે તો મહા વિદ્યાલયોમાં વિદ્યાર્થીઓને ન્યાયચાર્ય, સાહિત્યાચાર્ય, વ્યાકરણાચાર્યની પદવીઓ આપવામાં આવે છે. આ ઉપરાંત આ વિશ્વમાં કેટલીક જગ્યાએ સન્યાસીઓ, ગૃહસ્થો અને કેટલીક જગ્યાએ સ્ત્રીઓ પણ આચાર્ય તરીકેની ફરજો બજાવે છે. પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયનું આચાર્યપદ એની અનેકાનેક વિશિષ્ટતાઓને કારણે અત્યંત શ્રેષ્ઠ અને નિરાળું દશ્યમાન થાય છે.



શ્રી સહજાનંદ સ્વામીએ સર્વ આશ્રિતમાત્રના ગુરુપણાને વિશે પોતે ધર્મવંશી આચાર્યોનું સ્થાપન કર્યુ. સંપ્રદાયના સરળ વહીવટ માટે અમદાવાદ-શ્રી નરનારાયણદેવ દેશ અને વડતાલ - શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ, એમ બે ગાદીની સ્વહસ્તે સ્થાપના કરી. તેમણે સ્વયં દેશ વિભાગનો લેખ લખાવડાવ્યો અને સત્સંગીજનોને ધર્મવંશી આચાર્યોની આજ્ઞામાં રહેવાની ભારપૂર્વક ભાલમણ કરી છે. કોઈપણ અવતારે ધર્મપદની સ્થાપના સ્વહસ્તે કરી હોય તેવું જાણ્યામાં નથી. ધર્મની રક્ષાને અર્થે જ આચાર્ય પદ "ગૃહસ્થ" આશ્રમમાં વેષ્ટિત કર્યુ. બાઈઓના ગુરુ તરીકે આચાર્ય પત્નિ (ગાદીવાળા)નું સ્થાપન કર્યુ.

સંપ્રદાયોના આદ્યગુરૂ સ્થાને નારાયણ, જે ગૃહસ્થાશ્રમી છે તેઓ વિરાજે છે. સર્વે સંપ્રદાયોમાં વ્યાસજીને "સર્વે આચાર્યોના આચાર્ય અને સર્વગુરૂઓના ગુરૂ" તરીકે માનવામાં આવે છે એ વ્યાસજી પણ ગૃહસ્થાશ્રમી છે. અલૌકિક તપોબળથી રૃષિઓ તથા જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ વશિષ્ઠ મુનિ તથા યાજ્ઞવલ્ક્યજી ગૃહસ્થાશ્રમીજ હતા. શુકદેવજીના ગુરુ જનક વિદેહી, ગૃહસ્થાશ્રમી હતા. મનુ, અત્રિ, વિષ્ણુ, હારિક, યાજ્ઞવલ્ક્ય, અંગિયા, યમ, આપસ્તંભ, વ્યાસ, કાત્યાયન, સંવર્ત, પરાશર, બૃહસ્પતિ, શંખ, ઉશનસ્‌, દક્ષ, લિખિત, શતાતપ, ગૌતમઅને વશિષ્ટ જેવી વીસ સ્મૃતિઓ આજે તો માનવ ધર્મશાસ્ત્ર તરીકે પ્રચલિત છે. તે સ્મૃતિઓના તમામ યોજકો ગૃહસ્થાશ્રમીઓ જ હતા.

ભાવિ આચાર્યોની પસંદગી ત્યાગીઓમાંથી કરવી કે પછી ગૃહસ્થાશ્રમીઓમાંથી કરવી ? ધર્મકુળમાંથી કરવી કે પછી અન્યથા વિચારવું ? એ માટે શ્રીહરિએ ત્યાગીઓ તથા ગૃહસ્થાશ્રમીઓની એક વિરાટ સભા વડતાલમાં ભરી. લોકશાહી પ્રણાલી અનુસાર મંતવ્યો લેવાયા. પરંતુ સૌ વતી, સત્સંગની "મા"નુ બિરૂદ પામેલા મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે વર્ણવ્યું કે, "ધર્મદેવ કે જેઓ ગૃહસ્થાશ્રમી હતા. તેમને શ્રી રામાનંદ સ્વામીએ મુમુક્ષુજનોને દીક્ષા આપી શિષ્ય બનાવવાનો તથા ઉપદેશ આપવાનો ખાસ અધિકાર આપેલો હતો. જીવનમાં જે પ્રસંગોમાં સ્ત્રી, દ્રવ્ય, માન અને રસાસ્વાદનો યોગ થતો હોય તેથી ત્યાગીઓએ દૂર જ રહેવું જોઈએ. આચાર્ય પદે

બિરાજેલ વ્યક્તિને આવો યોગ સંભવે છે. તેથી આચાર્યપદ માટે ત્યાગીને પસંદ કરવાનું યોગ્ય નથી.'' તેઓશ્રીએ વિશેષમાં વર્ણવ્યું કે, ''સંપ્રદાયના આચાર્ય પદે ધર્મવંશના કોઈ સુપાત્ર ગૃહસ્થાશ્રમી પુરુષની પરંપરાના ધોરણે આપ પસંદગી કરો અને નિયુક્તિ કરો એજ અમારી સર્વેની હિતની વાત છે.''

સંપ્રદાયનો વિસ્તાર સમગ્ર ગુજરાતમાં દિન પ્રતિદિન ખૂબજ વધતો જતો હોવાથી વહીવટી સરળતા ખાતર જ બે ગાદીઓ રચવામાં આવી. શ્રીજી મહારાજના અંતર્ધાન થયા બાદ ૪૫ વર્ષ બાદ ઈંગ્લેન્ડથી બે અંગ્રેજો સર મોનિયર વિલીયમ્સ કે જેઓ સંસ્કૃતના પ્રખર પંડિત હતા અને પ્રસિદ્ધ ઈતિહાસ કાર શ્રી હેનરી જ્યોર્જ બ્રીગ્સ ભારતની મુલાકાતે આવેલા. તેઓ લખે છે કે અઢારમી સદીની છેલ્લી પચ્ચીસીમાં સંપ્રદાયમાં એક હજાર' સાધુઓ, ત્રણસો બ્રહ્મચારીઓ, ત્રણસો પાર્ષદો, બસો હજુરી સેવકો હતા. પાંચ લાખ ગૃહસ્થ પરિવારો હતા.

શ્રી સહજાનંદ સ્વામીએ લખાવેલા દેશ વિભાગના લેખમાં સૌથી અગત્યની વિશેષતા એ છે કે તેમાં સંપ્રદાયના આચાર્ય તરીકે કોણ હોઈ શકે તેનું સંપૂર્ણ નિરૂપણ કરવામાં આવ્યું છે. સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં આચાર્યપદોની બન્ને ગાદી પરના આચાર્યોશ્રી અયોધ્યાપ્રસાદજીનો શ્રીનરનારાયણદેવ તથા શ્રી રઘુવીરજી મહારાજનો લક્ષ્મીનારાયણદેવની ગાદીનો ઉલ્લેખ છે. આચાર્યોના તથા ગાદીવાળાએ પાળવાના નિયમો તથા ધર્મોનો પણ ખાસ ઉલ્લેખ કરેલ છે. ગૃહસ્થાશ્રમીના તમામ નિયમો તો તેઓએ અચૂક પાળવાના છે. ઉપરાંતના નિયમો પણ સ્વીકારીને પાળવાના છે. સંપ્રદાયના આચાર્ય પદે નિયુક્ત કરવાની રીત વિશિષ્ટ પ્રકારની છે. ધર્મદેવની પરંપરામાં આવતા જે ગૃહસ્થ પુરુષ સંપ્રદાયના આચાર્ય પદે બિરાજમાન થયેલા હોય તેજ પોતાના અનુગામી આચાર્યની પસંદગી તથા નિયુક્તિ કરી શકે છે. એમને પુત્ર હોય અને તે ધર્મકુશળ, ધર્મ સમર્થ હોય તો તેની, સંપ્રદાયનિષ્ઠ પ્રમાણિક આગેવાન, ત્યાગી અને ગૃહસ્થ આશ્રિતોની લેખિત સંમતિ મેળવીને તેઓ આચાર્ય પદ આપી શકે છે.

ગાદીસ્થ આચાર્યને એક કરતાં વધુ પુત્રો હોય તો જ્યેષ્ઠ પુત્રને જ ગાદી આપવાનો કોઈ નિર્ણય નથી. જે વધારે સુપાત્ર હોય તેની જ નિયુક્તિ થઈ શકે. પુત્રીઓના વંશમાંથી આચાર્યપદ અર્પણ થઈ શકતું નથી. જો આચાર્યને પુત્ર હોય અને જે સમર્થ ન હોય અથવા તેમને પુત્ર જ ન હોય તો ધર્મદેવના પરિવારમાંથી ધર્મસમર્થ પુરૂષની સંપ્રદાયના પ્રમાણિક ગૃહી-ત્યાગીની લેખિત સંમતિ મેળવી નિયુક્તિ કરવી. આચાર્ય તરીકે તો ધર્મદેવના કુળની જ વ્યક્તિ હોવી જોઈએ. માત્ર પુરુષ વર્ગમાંથી જ પસંદગી થવી જોઈએ. તેની સગીરાવસ્થા અવરોધરૂપ થવી જોઈએ નહિ.

સાંખ્યયોગી બહેનો અને સ્રીઓને દીક્ષા અને ગુરૂમંત્ર આચાર્ય પત્ની અર્થાત્ ગાદીવાળા જ આપી શકે. આચાર્ય પદ ઘણું મહાન છે. કારણ કે તે તો શ્રીહરિનું અપર સ્વરૂપ છે. શ્રીહરિએ પોતાનું દૈવત્વ આચાર્યપદમાં પ્રત્યક્ષ મૂક્યું છે. આચાર્યપદનું સ્થાપન કોઈ રાજગાદીનું સ્થાપન નથી. પરંતુ ધર્મગાદીનું હસ્તાંતર છે. ધર્મની ગાદીનો ભાર વહન કરવો તે આ જીવનું કામ નથી તેને તો શ્રીહરિના વચનનું પીઠ બળ છે. ગઢડા મધ્ય પ્રકરણના ૧૬ માં વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ લખ્યું છે કે ભગવાન તો ધર્મધુરંધર છે. આચાર્યશ્રી પણ ભગવાનનું સ્વરૂપ છે. તેથી તેમને ધર્મધુરંધર તરીકે ઓળખવામાં આવે છે. શ્રીહરિએ તેમનું સ્થાપન ધર્મની રક્ષાને કરવાને માટે કર્યું છે. તે આજ્ઞાની નિરંતર સ્મૃતિ માટે તેઓ ધર્મધુરંધર કહેવાય છે. ''શ્રી'' અર્થાત્ લક્ષ્મીજી અર્થાત્ ભગવાનના ભક્ત. હિન્દુશાસ્ત્ર મુજબ નવનો આંક પૂર્ણાંક મનાય છે. તેથી જ અનંત વિભૂતિ ''શ્રી''ને આ પૂર્ણ આંક સાથે મેળવીને તેઓશ્રીના શુભ નામની આગળ ''૧૦૦૮'' શ્રી લખવામાં આવે છે. શિક્ષાપત્રીના ૮૪ માં શ્લોકમાં શ્રીહરિ વર્ણવે છે કે આચાર્યશ્રી શ્રીહરિનું અપર સ્વરૂપ છે, દેવાધિદેવ છે તેથી તેમને અન્ય કરતાં વિશેષપણે પરમપૂજ્ય પણે કરીને જ માનવા જોઈએ.

આ સંપ્રદાય ગુરૂમુખી સંપ્રદાય નથી. આ આચાર્ય હરિભક્તોને પોતામાં જોડતા નથી. મુમુક્ષુજનોને તેઓ હંમેશાં શ્રીહરિમાં જ જોડે છે. શ્રીજી મહારાજના મહામૂલા વચનો અને આજ્ઞાનુંસાર હરિભક્તો, સત્સંગી જનોને આચાર્યપદની ગરીમા જાળવવાથી સર્વાવતારી શ્રીહરિનો રાજીપો જીવનમાં અવશ્ય ઉતરે છે. મંદિરોમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર માત્ર આચાર્ય મહારાજશ્રી હસ્તક છે. આ આચાર્યપદનું સ્થાપન સર્વાવતારી શ્રીહરિએ પોતે સંવત ૧૮૮૨ ના કારતક સુદ-૧૧ ના રોજ વડતાલમાં કરેલું છે. અને તે અંગેનો જરૂરી લેખ, સાક્ષીઓની સહી સંમતિ સહિત સંવત ૧૮૮૩ ના માગસર સુદ-૧૫ ના રોજ ગઢડામાં દાદા એભલના દરબારમાં કરેલ છે.

## આ અમારું બિરુદ છે

# સત્સંગ સુરભિ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

એક એક હાડકું ગણી શકાય એવી કૃશ કાયા, માથે કાળી-ભૂખરી જટા, ૧૮ વર્ષની ઉંમર, જોતાં જ મોહિની લાગી જાય એવી સલૂણી મૂર્તિ - સંવત ૧૮૫૬ ના શ્રાવણની અજવાળી દશમે જૂનાગઢને અડીને ઊભેલા ગિરનાર પર્વત પર ભગવાન વર્ણીરાજ અડવાણે પગે, નાસાગ્ર દૃષ્ટિ ધારીને ચાલતા હતા. માર્ગમાં આવતા તપસ્વી મુમુક્ષુઓ, બાવા-સંન્યાસી તથા તીર્થવાસીઓને પોતાના સ્વરૂપનો સંબંધ કરાવતા.

દત્તાત્રેયની ટૂક પ્રસાદીભૂત કરી, ગિરનાર ઊતરીને નીલકંઠવર્ણી સીધા ગોધાવાવ પાસે આવેલી ધર્મદાસની જાયગામાં પધાર્યા. અહીં સદાવ્રત ચાલતુ હતું. અનેક જીવોનો ઉદ્ધાર કરવાના એકમાત્ર સંકલ્પ સાથે વિચરતા વર્ણી જ્યાં સદાવ્રત દેખતા ત્યાં પહોંચી જતા ને કાંઈ નહિ તોય છેવટે પાંચ દાણા જુવારના પણ પોતાના મોંમાં મૂકી સદાવ્રત ચલાવનારનું પરમશ્રેય કરતા.

જ્યાં ભેખ ત્યાં ભગવાન હોય એ મહિમા દૃષ્ટિથી ધાર્મિક લોકો સદાવ્રત ચલાવતા અને આવાં ભંડારામાં નાગડા વૈરાગીઓ પણ રોજ જમતા - રઝ્યા ખડ્યા સાધુ સંન્યાસીઓ પણ ભોજન લેતા.

નાનકડા નીલકંઠવર્ણી તો નાસિકાગ્ર નજરે ધર્મદાસના સદાવ્રતની પંક્તિમાં જઈને બેઠા. તેવામાં એક વૈરાગી બાવો ઘાંટા પાડી ધૂરકતો આવ્યો ને વર્ણીને ત્યાંથી ઉઠાડ્યા. નીલકંઠવર્ણી બીજી જગ્યાએ બેઠા તો ત્યાં બીજા વૈરાગીએ એમને ઉઠાડ્યા. મહાપ્રભુને અપમાનની દરકાર નહોતી, એમને તો સદાવ્રત બાંધનારનું કલ્યાણ કરવું હતું તેથી તેઓ વૈરાગીથી લેશમાત્ર ગભરાયા વિના ત્રીજી જગ્યાએ બેઠા, ત્યાંથી પણ એક વૈરાગીએ ઉઠાડ્યા. એમ નીલકંઠવર્ણી ભગવાને સાત જગ્યા બદલી પણ કોઈએ જમવા દીધા નહીં!

લેશમાત્ર અંતરથી ઝાંખા થયા વિના વર્ણી ત્યાંથી નીકળી ગયા ને હાટકેશ્વર મહાદેવના મંદિરે આવ્યા તેમની પાછળ એક સાઠ વર્ષના સંન્યાસી પણ આવ્યા હતા. તેમણે વૈરાગીઓનું વર્તન નજરે જોયું હતું. એક બાળ બ્રહ્મચારીને ભોજન વિના ભૂખ્યા ઉઠાડ્યા હતા ! એ સંન્યાસીએ પણ ભોજન ન લીધું. તેમની આંખો દ્રવી ગઈ. હાટકેશ્વર મહાદેવનાં પ્રાંગણમાં મૃગચર્મ પાથરી નીલકંઠવર્ણી વિરાજ્યા. આ સંન્યાસી બાબાને નીલકંઠની સહનશીલતા તથા એમની માધુરી મૂર્તિ અંતરમાં વસી ગઈ હતી. એ સન્યાસી પણ વર્ણીની સાથે ત્યાં જ રહ્યા. શિવજીના એક નાગર ભક્ત હાટકેશ્વર મહાદેવના દર્શને રોજ આવતા. પેલા સંન્યાસીએ એ ભક્તને બોલાવી કહ્યું, "આ બાળ બ્રહ્મચારી છે પણ એ જુદા છે, દેવતાઈ પુરુષ છે, એ ભૂખ્યા છે તમે એમને જમાડશો તો તમારું મોટું શ્રેય થશે."

એ નાગર ભક્ત નીલકંઠવર્ણી પાસે ગયા, ચરણસ્પર્શ કર્યો એને તેમના અંતરમાં અજબ શાંતિ છવાઈ ગઈ ! શિવ ભક્તે હાથ જોડ્યા ને કહ્યું, "મહારાજ ! મારી ઈચ્છા આપને ભોજન કરાવવાની છે, આપ અંગીકાર કરશો?"

મહાપ્રભુએ તેમની મુમુક્ષતા ને ભાવના જોઈ કહ્યું "લઈ આવો, જે લાવશો તે જમીશું."

નાગર બ્રાહ્મણ તૂરત જ ઘેર ગયા ને શીરો-પૂરી તૈયાર કરીને જલ્દીથી લઈ આવ્યા. પોતાની પાસેના બાલમુકુન્દને થાળ ધરાવી નીલકંઠવર્ણીએ પેલા સંન્યાસી ને બોલાવ્યા. પ્રસાદીરૂપ થોડું અંગીકાર કરી એ ભોજન એમણે સન્યાસીને આપી દીધું, શિવભક્તને પણ પ્રસાદ આપ્યો. એ ભક્ત તો કૃતકૃત્ય થઈ ગયા! આ ભૂખ્યા બાળ-બ્રહ્મચારીને આવો સરસ શીરા-પૂરીનો થાળ મળ્યો તોય કેટલા અનાસક્ત છે ! આવો જ ગુણ સન્યાસીને પણ આવ્યો. એ નાગર-ભક્તને તો અત્યાર સુધી કરેલી શિવજીની ભક્તિ જાણે ફળી હોય તેમ એના આનંદનો પાર ન રહ્યો ! ઘરે જઈ નીલકંઠવર્ણીની મૂર્તિમાં મનને ગૂંચવી મેલ્યું ! રાત્રે વર્ણીએ તેમને શિવ સ્વરૂપે દર્શન દીધાં ! રાત્રે પેલા સંન્યાસીએ મહાપ્રભુ સાથે જ્ઞાન ગોષ્ઠિ કરી. સાધુ-અસાધુના નિયમ ભગવાનની ભક્તિથી મોક્ષ, સંસારની અસારતા વગેરે અનેક વિષયની સરળ વાતો એ સંન્યાસીના અંતરમાં કંઠસ્થ થઈ ગઈ ! ભૂતનાથ અને ખેંગારવાવ સુધી તેઓ નીલકંઠવર્ણીની સાથે જ રહ્યા.

ઉત્તરાપથ-હિમાલયથી તીર્થાટન કરતાં કરતાં એ સંન્યાસી અહીં ગુજરાતમાં આવ્યા હતા ને એમને સાક્ષાત્ મહાપ્રભુનો વર્ણીવેશે ભેટો થઈ ગયો ! જતી વખતે એ સંન્યાસીએ બે હાથ જોડી નીલકંઠવર્ણી પાસે માંગ્યુ "હે મહારાજ ! જેમ હાટકેશના ઓટલે પ્રેમથી જમાડ્યો તેમ મારાં અંતકાળે પણ આપની પ્રસાદી જમવા મળે એવી કૃપા કરજો અને મને માયા પાર ઉતારજો!"

નીલકંઠે તથાસ્તુ કહ્યું : અહીંથી ભગવાનને ભક્ત જુદા પડ્યા!

આષાઢી સંવત ૧૮૭૪ ની સાલ ચાલી રહી હતી. હરિવર જેઠ માસથી આસો માસના સુદ પક્ષ સુધી ગઢપુરમાં નિવાસ

કરીને રહ્યા હતા એ અરસાની વાત છે. ચાતુર્માસના એ ગાળામાં મહારાજ અક્ષરઓરડીએ સંધ્યા આરતી કરીને બિરાજ્યા હતા. ચાતુર્માસમાં કથામૃતની હેલી વરસતી, તેમાં આજે તો રાત્રિના મધ્ય પ્રહર સુધી કથા રસ રેલાયો. પોતના મુખારવિંદ સન્મુખ મોટા મોટા સંતો તથા ભક્તોની સભા ભરાઈને બેઠી છે. મહારાજ સ્વ-સ્વરૂપની વાતો કરે છે સૌ એકાગ્ર મને સાંભળી રહ્યા છે. તેવામાં અચાનક જ શ્રીહરિ ઉઠ્યા ને તત્ત્વજ્ઞાનનો એક જટિલ પ્રશ્ન મૂક્યો "આને બધા ઊકેલો, અમે થોડીવારમાં આવીએ છીએ...." એમ કહીને બહાર આવ્યા. દર્શન કાજે ઊભેલા શ્રીનગર (અમદાવાદ)ના ભક્ત દામોદરને મહારાજે કહ્યું, "ફાનસ લઈ અમારી સાથે ચાલો."

મહારાજ તથા દામોદર ભક્ત દાદાની ડેલીએ આવ્યા. કોઈ દાદાની ડેલીએ કડું ઠોકી રહ્યા હતા. "અરે ! હૈ કોઈ ? દરવાજા ખોલો. નીલકંઠ સ્વામિનારાયણ કા સ્થાન યેહી હૈ ના ભાઈ !"

મહામહેનતે દરવાજાનાં દ્વાર ખૂલ્યાં. પાતળી કૃષ કાયા પર ભગવી કંથા ધારણ કરેલા એક સંન્યાસી મહાત્મા દ્વારમાં પેસતા જ મૂર્છિત થઈ ઢળી પડ્યા. લગભગ ૭૮ વર્ષની ઉંમર, માથે ધોળી જટા ને દાઢી પણ રૂની પૂણી જેવી ધોળી ફક્ક, આંખે અંધારા આવી ગયેલા. ઠેર ઠેર પૂછતાં, નીલકંઠ સ્વામિનારાયણનું સરનામું શોધતા શોધતા આ સંન્યાસી મહાત્મા ઠેઠ હિમાલયથી ગઢડે આવેલા !

આ એજ સંન્યાસી હતા જેઓ હાટકેશ્વરનાં પ્રાંગણમાં મહારાજ સાથે રહેલા. નીલકંઠવર્ણી સ્વરૂપે રહેલા મહારાજને ભોજન પ્રાપ્ત થાય એ માટે એમણે શિવભક્તને વિનંતી કરેલી ! સંન્યાસી તો ક્યારનાય દાદાની ડેલીના દરવાજે સાદ કરી રહ્યા હતા. એમના અંતરાત્માનો અવાજ મહારાજ અક્ષર ઓરડીમાં બેઠા થકા સાંભળ્યો એટલે જ કથા રસ ને મૂકીને મહાપ્રભુ અડવાણે પગે દોડ્યા ને ઝટ દ્વારે પધાર્યા !

ફાનસના અજવાળે મહારાજે એ સંન્યાસીને ઓળખી લીધા. માટલાનું ટાઢું જળ મંગાવ્યું ને નિજ હાથે એમને પાયું. ઘણા વખતની તૃષા જાણે શમી હોય તેમ થોડી જ ક્ષણોમાં સંન્યાસીએ આંખો ખોલી, પણ હજુ તંદ્રામાં હતા. મહારાજે દામોદર ભક્તને લાડુબા પાસે મોકલ્યા ને કહ્યું, "બા ને કહેજો, મહારાજને ભૂખ લાગી છે તે ઝટ બાજરાનો રોટલો કરી આપો."

લાડુબાએ થોડીક જ વારમાં રોટલો ટીપી દીધો, તેમાં ઘી ભર્યું, એક વાડકી ભાજી રાંધી દીધી, મરચાનું અથાણું ને દૂધના કટોરાનો થાળ ભરી જાતે આવ્યાં.

મહારાજ સામે ગયા ને વચ્ચે જ થાળ હાથમાં લઈ ઊભા ઊભા જ રોટલો જમવા લાગ્યા સ્હેજ મરચું ચાખ્યું ને દૂધના કટોરામાંથી બે ઘૂંટડા દૂધ અંગીકાર કર્યું આ બધું વિજળીવેગે થયું.

આ બાજુ સંન્યાસી મહારાજને પણ અંગમાં ચેતન આવી ગયું હતું. એ બેઠા થયાં. મહારાજે તેમને ઓટલે બેસાડ્યા ને ભોજન થાળ ધર્યો.

"યે સ્થાન નીલકંઠ સ્વામિનારાયણ કા નહીં હૈ ક્યા ?" મહારાજ કહે, "ઉનકા હી હૈ !"

"તો વો કિધર હૈ ?"

મહારાજે મંદ મંદ હસતાં કહ્યું, "વો હમી હૈ."

"ઓહ ! આપ નીલકંઠ ! ઈતને બડે હો ગયે ! મૈં તો તભી સે આપકા નામ જપતા હૂँ કહાં મિલે ઘનશ્યામ! કિસી મહાત્માને મુઝે બતાયા કિ વો નીલકંઠ સ્વામિનારાયણ નામસે પ્રસિદ્ધ હો ગયે હૈં, ઔર આપકો મિલને કે વાસ્તે મૈં ઈધર તક ચલા આયા. વો દિન કી રાત.... હાટકેશ્વર મહાદેવ કા મંદિર ...... વહાઁ શિરા પૂરી કા થાળ જિમાયા થા ...... યાદ આ ગયા આપકો !"

મહારાજ તેમને વાંસે હાથ ફેરવી પ્રેમથી જમાડતા હતા કહે, "હા.... હા... યાદ આ ગયા."

"તો ફીર જિમા કર મુઝે લે જાને કા વર દિયા હૈ, વો તો યાદ હૈ ના !"

સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. મહારાજે કહ્યું, "યે થાલ જિમલો. અબ આપ હમારે પાસ આ ગયે, ફિકર મત કરના... આપ હમારે પાસ હી રહોગે." ખૂબ પ્રેમથી સંન્યાસીને જમાડી મહારાજે તેમને ઉતારો કરાવ્યો. દામોદર ભક્તને કહ્યું, "આ સંન્યાસી અમને વન વિચરણ વખતે જૂનાગઢની તળેટીમાં મળેલા. તે દિવસથી જીવ અમારામાં પરોવાઈ ગયો હતો. હવે વધુ દેહ નહિ રાખે. અમને પહેલે જ દર્શને ઓળખી ગયા હતા!"

શ્રીહરિ ફરીથી અક્ષર ઓરડીએ પધાર્યા. ચાર ઘડી રાત્રિ ગયા પછી મહારાજે ખબર કઢાવી તો તે સંન્યાસીએ દેહ મૂકી દીધો હતો. મહારાજે દામોદર ભક્તને તેમની સેવામાં મૂકેલા તે તેમને કહેવડાવ્યું "સવારે તેમની દેહક્રિયા કરાવજો." એમ કહી મહારાજ મધરાત વિત્યે પોઢ્યા. સવારે સંન્યાસીની અંત્યેષ્ટિ ક્રિયામાં ત્યાગી સાધુઓનું વૃંદ જોડાયુ ને હાજર હરિભક્તોએ સાથ દીધો. આજે એ જીવ મોટી પદવી પામી ગયો હતો.

એ દિવસની સભામાં મહારાજે સંન્યાસીનું મિષ લઈ વાત કરી કે, "અમારી સાથે જે જીવ એક વાર નાતો જોડે છે તેને અમે કોઈ કાળે ભૂલતા નથી ! એ જીવને અમે માયા પાર કરાવીએ છીએ."

"આ અમારું બિરુદ છે !"

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સમય વર્તે સાવધાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

સમય એક અગત્યની મૂડી છે.

જે વિદ્યાર્થી નાપાસ થાય તેને પોતાના ગુમાવેલા વર્ષની કિંમત સમજાય છે.

એક દિવસની મજૂરી ન મળે ત્યારે મજૂરને એક દિવસની કિંમત સમજાય છે.

એક કલાકની કિંમત પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીને સમજાય છે.

એક મિનિટની કિંમત ટ્રેન કે બસ ચૂકી ગયેલા મુસાફરને સમજાય છે.

જ્યારે એક સેંકડની કિંમત ઓલમ્પિકમાં મેડલ ચૂકી જનાર ખેલાડીને સમજાય છે.

જીવનમાં પ્રત્યેક પળનું આગવું મહત્ત્વ છે. તેવું વિરલ વ્યક્તિને જણાય છે. માટે પ્રત્યેક કાર્ય સમયસર કરવું અને પ્રત્યેક પળે ધ્યેય પ્રતિ સાવધાની રાખવી.

ઘનશ્યામમહારાજે વિક્રમ સંવત ૧૮૪૯ ના અષાઢ સુદ દશમના રોજ વહેલી સવારે ગૃહત્યાગ કર્યો. હિમાલયમાં કાળા પહાડ તરફ જતાં માર્ગ ભૂલ્યા, ત્રણ દિવસ વિત્યા, ચોથા દિવસે પૃથ્વી પર પડી ગયા. ધીમેથી બેઠા થઈ હિમાલયમાંથી નીકળતી એક નદી પાસે પહોંચી પૂજા પૂર્ણ કરી જળપાન કર્યું. એક વટવૃક્ષ નીચે વિસામો લીધો. સૂર્યાસ્ત થયો. અંધારૂ થયું. ભગવાને હનુમાનજીનું સ્મરણ કર્યું. સૂક્ષ્મરૂપે હનુમાનજી વડની પાસે આવી ગયા. એ દિવસ જન્માષ્ટમીની રાત્રી હતી. ક્યાંક ઘુવડ, શિયાળ, વાઘના અવાજો થતા, વાદળની ગર્જના અને વીજળીના ચમકારા થતા હતા. શાંતમૂર્તિ શ્રીહરિ સ્વસ્વરૂપનું ચિંતન કરતા સમાધિમાં ઉતરી ગયા.

ત્યાં ભયંકર અંધારામાં હજારો ભૂત અને પિશાચથી વિંટાયેલો એક ભૈરવ એ વડ પાસે આવ્યો. હાથમાં ત્રિશૂળ, ઊંચો તાડ જેવો, લાલ આંખોવાળો, પહોળા મુખવાળો, તીક્ષ્ણ દાઢોવાળો, ગધેડાના જેવા અવાજવાળો, એ વડ તેનું નિવાસ સ્થાન હોવાથી આવ્યો અને ભયંકર શબ્દ કર્યો. જે સાંભળીને હનુમાનજીએ પણ કિલકિલાટ અવાજ કર્યો. હનુમાનજીના અવાજથી દિશાઓ ગાજી ઊઠી. ભૂત અને ભૈરવ ત્રાસ પામી ગયા અને પ્રભુ પણ સમાધિમાંથી જાગી ગયા. ભૈરવ બધા ભૂતોને કહે, "આ વાંદરાને અને તપસ્વીને ખાઈ જાઓ." એવું બોલી ત્રિશૂલ ઊંચુ કર્યું. ત્યાં હનુમાનજીએ વિશાળરૂપ ધારણ કર્યું અને પોતાના હાથના મુક્કા વડે ભૈરવનું માથું ભાંગી નાખ્યું. મોઢામાંથી લોહીની ઊલટી કરતો તે જમીન પર પડ્યો. પછી જેમ તેમ બેઠો થઈને ત્યાંથી નાસી ગયો. બીજા ભૂત-પ્રેતો પણ જ્યાં ત્યાં નાસી જઈને સંતાઈ ગયા. હનુમાનજી આખી રાત્રી નીલકંઠવર્ણી પાસે બેસી રહ્યા. સવારમાં હનુમાનજીએ ફળ લાવીને પ્રભુને અર્પણ કર્યા. પ્રભુ આજ્ઞા લઈ હનુમાનજી અદૃશ્ય થઈ ગયા.

હનુમાનજી સેવક પણ છે અને સૈનિક પણ છે. રામાયણમાં જોઈએ તો તેમણે દરેક કામ સમયસર કર્યાં છે. સીતાજીની શોધ સમયસર કરી, સમુદ્ર સમયસર ઓળંગ્યો, લંકા સમયસર બાળી, ઘાયલ લક્ષ્મણના માટે જડીબુટ્ટી સંજીવની છેક હિમાલયથી સમયસર દ્રોણાચળ પર્વત ઉપર લાવી લક્ષ્મણનો જીવ બચાવ્યો. અયોધ્યા આવી ભરતજીને પણ પ્રભુ શ્રીરામ પાછા આવી રહ્યા છે. તેવા સમાચાર પણ તેમણે સમયસર આપ્યા. એજ રીતે સમયસર આવી ભૈરવને શિક્ષા કરવાની ફરજ બજાવી. હનુમાનજીએ સમયસર પ્રભુને ફળ લાવી આપ્યાં. સમયનું મહત્ત્વ સમજે તે ક્યારેય પણ ભક્તિમાં, ભજનમાં, સેવામાં આળસ ન કરે. માટે સાવધાન થઈ સમયનું મહત્ત્વ સમજી વિદ્યા અભ્યાસની સાથે ભક્તિ-ભજન-નિયમ પૂજા કરીને ભગવાનને રાજી કરી લેવા.

બાળમિત્રો, આજે દરેક ઘર અને લગભગ દરેક હાથમાં ઘડિયાળ હોય છે. છતાં આપણી દિનચર્યા કેટલી બધી અસ્ત વ્યસ્ત છે. ઘડિયાળ ફક્ત શોભા ખાતર કે દેખાડવા ખાતર બાંધી છે ? સમયનું મહત્ત્વ અને સમયસર કામ કરવાનું મહત્ત્વ બરાબર સમજી લઈએ અને સુખી થઈએ.

●

## કલ્યાણની અનોખી રીત

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ગામબોટાદની એક સુંદર વાત છે. જુવાનીમાં સત્સંગ રાખવો તથા અચળપણે ટકાવવો તેતો જાણે તલવારની ધાર પર ચાલવા જેવું છે. આપણી વાત નથી. એ સમયની વાત છે. જે સમયે સંતો-હરિભક્તો દુર્જનોનો ત્રાસ સહન કરી સત્સંગનો પ્રચાર કરતા. બોટાદમાં એક ભગાદોશી નામે જુવાનીયો સંતોના સમાગમથી સારો સત્સંગી થયો. નિત્યપૂજા, પાઠ, સ્તોત્ર, કથા-વાર્તા કરતો સાંભળતો. પરંતુ તેના જ ઘરમાં તેના પિતાને આ જરાપણ ન ગમતું. સખત વિરોધ કરતા અને કહેતા કે આ આપણો ધર્મ નથી માટે તું મૂકી દે. દીકરા, મને ગમતુ નથી. તારે મારી સાથે સંબંધ રાખવો હોય તો આ બધું તું છોડી દે. નહિતર, તું આજથી મારો દીકરો નહિ ને હું તારો બાપ નહીં.

પિતાની આટીંને ધ્યાનમાં ન લેતા ભગાદોશીએ પોતાનું ભજન ચાલુ રાખ્યું. પિતાએ તેને સત્સંગ છોડાવવા અનેક વિધ પ્રયત્નો કર્યા. રાજકીય ક્ષેત્રે પણ પ્રયત્નો કરી છૂટ્યા. પણ કાંઈ સફળતા ન મળી. પિતાનો રોષ દિવસે દિવસે વધતો રહ્યો. તેવામાં એક દિવસે શ્રીજી મહારાજ સંતો સાથે બોટાદ ગામમાં પધાર્યા.

ભગાદોશી દોડીને મહારાજ પાસે પહોંચી ગયા. શ્રીજી મહારાજને સંતોને દંડવત કર્યા અને સત્સંગ કરવા લાગ્યા. સંતોની સેવા કરવા લાગ્યા. તેવા સમયમાં ગામમાં હરિભક્તો સંતો માટે સીધું લાવવા માંડ્યા. શ્રીજી મહારાજની આગળ વાત કરી. શ્રીજી મહારાજે રજા આપી. આજ તમારા તરફથી રસોઈ. કાલ તમારા તરફથી રસોઈ. ત્યારે ભગાદોશીને મનમાં થયા કરે મારે પણ રસોઈ આપવી છે. પણ પિતા તો પુરા વિરોધી છે. શું કરવું?

એક દિવસ ભગાદોશી ઘરમાં કોઈને કહ્યા વગર ઘી, સાકર લઈ શ્રીજી મહારાજ પાસે પહોંચી ગયા. લ્યો મહારાજ આજ મારા તરફથી રસોઈ. ત્યારે શ્રીજી મહારાજે અંતર્યામીપણે કહ્યું, ભગાદોશી આ સીધું કોને પૂછીને લાવ્યાં. "તનકી જાણે મન કી જાણે," ભગાદોશીએ હાથ જોડી દીધા. હે મહારાજ ! આપ તો અંતર્યામી છો. તમે જાણો છો કે મારા પિતાને પૂછ્યા વગર છાનું લાવ્યો છું. મારા પિતા પુરા વિરોધી છે તે પણ તમે જાણો છો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ના આ સીધું અમે નહિ સ્વીકારીએ પાછું લઈજા. અને તારા પિતાની આગળ માફી માગજે. કે મારી ભૂલ થઈ ગઈ. મેં તમને પૂછ્યા વગર આ સીધું સંતોની સેવા માટે લઈ ગયો. ભગાદોશી થોડા અકળાયા પણ શ્રીજી મહારાજનું વચન શીરોધાર્ય કર્યું.

ભગાદોશી ઘરે આવ્યા. પિતાના ચરણોમાં ઘી-સાકરના પાત્ર મૂકી રડવા લાગ્યા. તેમના પિતાએ પૂછ્યું, અલ્યા ભગા શા માટે રડે છે ? ત્યારે શ્રીજી મહારાજના વચનો બોલ્યો કે પિતાજી હું આ સીધું સંતોની રસોઈ માટે તમને પૂછ્યાં વગર લઈ ગયો હતો પણ સ્વામિનારાયણ ભગવાને મને પાછો કાઢ્યો અને કહ્યું તારા પિતાને પૂછ્યા વગર લાવ્યો છે માટે તે વસ્તુ અમને ન જોઈએ. જાવ માફી માગી સીધું તેમને સોંપી દેજે.

ભગાદોશીના આ શબ્દો તેમના પિતાનાં હૈયા સોંસરા ઉતરી ગયા. પશ્ચાતાપ થયો. અરે જે સત્સંગનો હું દ્રોહ કરતો આવ્યો. જેનો હું વિરોધી તેજ શ્રીજી મહારાજ આવા દયાળુ - નિસ્વાર્થી ! આવી રીતે કોઈ જોગી જતી સીધું પાછું ન મોકલાવે. ત્યારે આ સાચા ભગવાન છે. આજ સાચા સંતો છે. હૈયામાં ગુણ આવ્યો. ચાલ દીકરા સીધું લઈ ને.

સીધું લઈને બાપ દીકરો પાછા શ્રીજી મહારાજ પાસે આવ્યા. પિતા વર્તમાન ધારણ કરી સારા સત્સંગી થયા.

જેને ભગવાનના વચનામાં વિશ્વાસ છે અને ભગવાનની આજ્ઞા પ્રમાણે જે વર્તે છે, તેને ક્યારે પણ દુઃખ આવતું નથી. ક્યારેક ભગવાનની આજ્ઞા પાળવી આપણને કઠણ પણ લાગે. ક્યારેક ભગવાને કહેલું વચન આપણને કડવું લાગે પણ વિશ્વાસ રાખવો કે,

**"હું હરિનો હરિ મમ રક્ષક, એ ભરોંસો જાય નહિ,**
**જે હરિ કરશે તે મમ હિતનું, એ વિશ્વાસ તજાય નહિ."**

આવો દૃઢ વિશ્વાસ રાખી જે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તે છે તે સર્વ રીતે સુખી બને છે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫**

# ભક્તિસુધા

## પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી "આપણું જીવન કેવુ છે ?"

સંકલન : કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

જીવન એ સુખ અને દુઃખનું પરિણામ છે. એટલે આપણા આ વર્તમાન જીવનમાં પાપ અને પુણ્યકર્મોના પરિણામે સુખ-દુઃખ ભાવ અભાવ, સારૂ-ખરાબ એમ ચાલ્યા જ કરે છે. આ મનુષ્ય જીવનમાં 'પાપ' અને 'પુણ્ય' એ બે બીજ છે અને 'સત્વગુણ', 'રજોગુણ', 'તમોગુણ' એ ત્રણ થડિયા (મૂળ) છે. અને દશ ઈન્દ્રિયો 'શ્રોત્ર', 'ત્વક્', 'ચક્ષુ', 'રસનૈ', 'ધ્રાણ', 'વાક્ર' 'પાણિ', 'પાદ', 'વાયુ', 'ઉપસ્થ' અને આ ચાર અંતઃકરણ 'મન', 'બુદ્ધિ', 'ચિત્ત', 'અહંકાર' એ બધું ઝાડની ડાળીઓ છે. અને એ ઉગેલા ઝાડને કારણે તે વૃક્ષ પર સુખ અને દુઃખરૂપી બે ફળ આવે છે. તેમાં દરેક વ્યક્તિએ ક્યું ફળ લેવું તે પોતાના હાથમાં છે. એટલે કે આપણે ખરાબ કર્મો કરીશું તો પાપરૂપી બીજના પરિણામે તેનું ફળ દુઃખ આવશે અને સત્કર્મરૂપી બીજ વાવીશું તો તેનું પરિણામરૂપી ફળ સુખ આવશે. અને આમ સત્કર્મો દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. કઈ રીતે ? તો પરમાત્માને ક્યાંય બહાર શોધવા જવાની જરૂર નથી. પરમાત્મા આપણી અંદર જ છે. આપણા આત્માની અંદર જ સદાય પરમાત્મા બિરાજમાન છે. પરંતુ તેને ઓળખવા માટે આપણા અંતઃકરણમાં 'કામ', 'ક્રોધ', 'લોભ', 'માન', નામના ચાર મહાન શત્રુ છે. તેને આપણે જીતી શકીશું ત્યારે જ આપણને આપણી અંદર રહેલા પરમાત્માના દર્શન થશે. અને આ મનુષ્ય-જીવન દરમ્યાન અવિનાશી સુખની એટલે કે અક્ષરધામની પ્રાપ્તિ થઈ શકે છે. અને એ અક્ષરધામકેવું છે? તો અક્ષરધામ શીતળ છે. શાંત છે. અને અતિ તેજોમય એટલે કોટિ (કરોડ) સૂર્યના તેજથી કોટિગણું તેજ વૈકુંઠધામના મુક્તમાં છે. ને તેથી કોટિગણું તેજ તે ગોલોકધામના મુક્તમાં છે. અને તેથી અનંતકોટિગણુ તેજ તે અક્ષરધામના મુક્તના એક રોમને (રૂવાંડામાં) વિષે છે. અને અનંત-અપાર એવો જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો પણ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ તેમના એક રોમના કોટિમાં ભાગના પા સંગની બરોબર નથી થતો આવા દિવ્ય-તેજ ઐશ્વર્ય-પ્રતાપ બળ-કીર્તિ સ્વરાટ-સત્યસંકલ્પ એવા અનંત દિવ્યગુણે યુક્ત મહારાજની મૂર્તિ છે. અને આવા તેજોમય અક્ષરધામને વિષે તો મૂર્તિમાન પુરુષોત્તમ ભગવાન જ એક વિરાજમાન છે. એમ નહિ નારાયણની ચારે કોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણના દર્શન કરે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાનું અક્ષરધામઅને પોતાના મુક્તો એ ત્રણે સદા દિવ્ય છે. આ ત્રિપુટી સર્વથી (જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એ ચારે તત્વથી 'પર' છે. આમ મનુષ્યને જ્યારે અક્ષરધામની પ્રાપ્તિ થાય છે ત્યારે મનુષ્ય દિવ્ય-દેહ ધારણ કરી પરમાત્માની અખંડ સેવામાં રહી શકે છે. અને મહાપ્રલય (આત્યંતિક પ્રલય) થાય ત્યારે અનંત પ્રધાન પુરુષની જોડી પોતાના કાર્ય સાથે મહામાયાને વિષે લીન થાય અને તે મહામાયા અક્ષરને વિષે લીન થયા પછી ધામ, મુક્તો અને ભગવાન એ સર્વે દિવ્ય સૃષ્ટિ રહે છે. તેને છેલ્લો મહાપ્રલય જાણવો આમ જ્યારે ચૌદ લોકનો વિનાશ થઈ જાય છે ત્યારે પણ અક્ષરધામનો વિનાશ થતો નથી માટે અક્ષરધામ એ અવિનાશી છે. અને જો પ્રયત્ન કરવામાં આવે તો આ વિનાશી મનુષ્ય-જીવન દ્વારા અવિનાશી એવા અક્ષરધામની પ્રાપ્તિ થઈ શકે છે.

●

## શ્રીહરિના પરચા

- સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)

અત્યારના કપરા કળિયુગના પ્રભાવશાળી કાળમાં મનુષ્યો પોતાના ધર્મને ભૂલી ગયા છે અને બિન સાત્ત્વિક રહેણી, કરણી અને ખાધા-ખોરાકીમા પ્રભુથી અને ધર્મથી દૂર થતા જાય છે. માનવતાનું કાર્ય, ઈશ્વરનું દર્શન, સંત સમામગ જેવા કાર્યને ગૌણ સમજી એશ-આરામની જિંદગી તરફ વળતા થયા છે. તેવા કપરા સમયમાં પણ સર્વે કારણના કારણ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને દયા કરીને પોતાના પાદુર્ભાવ વખતે તેમજ ત્યારબાદ પણ જગતના જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા અને પોતાની ભગવાનપણાની આસ્થા બેસાડવા માટે આ સંપ્રદાયમાં નિયમ, નિશ્ચય અને ભક્તિ વૃદ્ધિ પામે અને દૈવી જીવોનું આત્યંતિક કલ્યાણ થાય એ દૃષ્ટિએ પોતાના હૃદયને વિશે અખંડધારી રહેલા એવા ભક્તજનોને અલૌકિક અનંત પરચા આપે છે. એવો એક પરચો આજે આપણે જોઈએ.

બુંદેલ ખંડને વિષે એક ધુંવા નામે ગામમાં શ્રીજી મહારાજના આશ્રિત ઘણા બાઈઓ તથા ભાઈઓ હતા. એક સમયે તે ગામમાં હરિભક્તોને ઉપદેશ કરવા માટે સંતો

પધાર્યા હતા. આ ગામમાં શ્રીજી મહારાજના આશ્રિત જુના સત્સંગી ફુલબાઈ હતા. તેમણે સંતોને જમાડવા રસોઈ માટે તૈયારી કરી. અને ધોતીયા ઓઢાડવા માટે ચાલીસ હાથ વસ્ત્ર લઈ તૈયાર રાખ્યું. ત્યારબાદ સંતોને જમવાનું નોતરૂ દેવા મંદિરમાં આવ્યા અને કોઈ હરિભક્ત દ્વારા સંતોને કહેવડાવ્યું જે આવતી કાલે મારી વતીથી નોતરૂ છે, મારે તમને સર્વે સંતોને જમાડવા છે. સંતોએ કહેવડાવ્યું "બહુ સારૂ કાલે તમે રસોઈનો સામાન તૈયાર રાખજો કાલે તમારી રસોઈ જમીશુ. ત્યારે તે સાંભળી ફુલબાઈ તો અતિશય રાજી થઈ પોતાના ઘેર ગયા."

તેમના ગામનો ધણી માધુભાઈ નામે બ્રાહ્મણ ગુણ બુદ્ધિવાળો હતો. તે સંતો પાસે આવી કહેવા લાગ્યો જે, "હે મહારાજ તમે તો બહુ મોટા સંત છો અને આપ તો આ પૃથ્વી પર અનંત જીવોના કલ્યાણ અર્થે વિચરો છો. માટે મને તમારો દાસ જાણીને આવતી કાલે મારે ત્યાં રસોઈ લ્યો તો મારુ પરમ કલ્યાણ થાય. સંતોએ કહ્યું સારૂ અમે આપને ત્યાં આવીશું. આ સાંભળી બ્રાહ્મણ રાજી થતો પોતાને ઘેર ગયો.

સંતે મનમાં વિચાર કર્યો આવતી કાલે પ્રથમતો ફુલબાઈની રસોઈ માની હતી. પણ હવે એમને કહેવું જોઈએ, એમ વિચારી હરિભક્ત પાસે કહેવડાવ્યું જે આવતી કાલે તમારી રસોઈ માની હતી પણ હવે ગામના ધણીના આગ્રહથી તેમની રસોઈ માની છે. અને તે ગુણબુદ્ધિવાળા છે. જો તેને ના કહીએ તો અવગુણ લે. માટે તમે બીજા દિવસે બધું તૈયાર રાખજો. તેજ રાત્રે ફુલબાઈ પોતાના પંચ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયા. ત્યાં તો અનંત પ્રકારની શોભા જોઈને ખૂબ આનંદ પામ્યા. વળી દિવ્ય અને અતિશય તેજસ્વી અનંત મુક્તના મંડળે સહિત દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન "શ્રી સહજાનંદ સ્વામી" ને દીઠા. જેમ તારાના મંડલના મધ્યે ચંદ્રમાં શોભે એમ તેઓ અનંત મુક્તોના મધ્યે શોભતા હતા. તેવા દિવ્ય દર્શન કરતા ફુલબાઈ તે સભામાં બેઠા હતા. ત્યારે તે ફુલબાઈને મહારાજે પૂછ્યું "હે ફુલબાઈ ! તમારા મનમાં શું સંકલ્પ કરો છો ? અને શું કરવાનું બાકી રહી ગયું ? ત્યારે ફુલબાઈ રાજી થઈને કહેવા લાગ્યા ગામમાં સંતમંડળ આવ્યું છે ને બધું તૈયાર કરીને રાખ્યું છે પણ આપ મને લેવા પધાર્યા, એટલે હું અહીં આવીને એ સંકલ્પ બાકી રહી ગયો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે સંતોને જમાડવા નો સંકલ્પ બાકી રહી ગયો હોય તો તરત પાછા દેહમાં જાવ. વાર લગાડશો તો તમારા દેહને બાળી દેશે અને કહ્યું "હવે તમારો સંકલ્પ પુરો કરી ત્રીજે દિવસે સર્વેજનોને વાત કરીને આવજો."

આ બાજુ સર્વે સંબંધીજનોએ ડોસી હવે દેહ મુકીને અક્ષરધામમા ગયા છે એમ જાણીને સર્વ સામાન એકઠો કરીને નનામી બાંધીને તેના પર મૃતદેહને સૂવાડીને જ્યાં ઉપાડવાની તૈયારી કરે છે, ત્યાં તો ડોસીમા બોલ્યા, અરે મને બાંધીને કયાં લઈ જાવ છો ? છોડો. આ સાંભળતાજ તરત જ નનામી છોડી એટલે ફુલબાઈ બેઠા થયા, સર્વેજનો પૂછવા લાગ્યા કે તમે તો અક્ષરધામમાં ગયા હતા ને પાછા કેમ આવ્યા ? ત્યારે ફુલબાઈ કહેવા લાગ્યા, "હું તો અક્ષરધામમાં ગઈ હતી પણ મારો સંતોને જમાડવાનો સંકલ્પ હતો તેથી મહારાજે મને પાછી મોકલી છે, તેથી પાછી ફરીને હું દેહમાં આવી છું. માટે તમે સંતોને જમવા માટે ઘેર બોલાવો."

તેમની વાતને સાંભળીને સર્વેજનો અતિ આશ્ચર્ય પામ્યા. ત્યાર પછી સંતોને જમાડવાનું નોતરૂ દીધું. એટલે તેમને ઘેર સંતો જમવા માટે આવ્યા. અને સુંદર રસોઈ બનાવી પહેલા ઠાકોરજીને જમાડ્યા ત્યાર પછી પોતે જમ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે ફુલબાઈએ સંતોની ચંદન, પુષ્પના હારથી પૂજા કરાવી વસ્ત્ર ઓઢાવડાવ્યા. ત્યાર પછી સંતો ત્યાંથી મંદિરમાં આવ્યા. પછી તો ફુલબાઈએ ચોકો કરીને ઘીનો ધીવો કરીને ચોકામાં આસન વાળીને બેઠા. અને કહેવા લાગ્યા જે, હું હવે અક્ષરધામમાં જાઉં છું અને મારી સાથે જેને આવવું હોય તે આવો ને થાઓ તૈયાર. હું અક્ષરધામમાં લઈ જઉ. પરંતુ કોઈએ હા ન પાડી. થોડી વારમાં ફૂલબાઈએ સર્વેના દેખતા પોતાનો દેહ છોડી દીધો. અને દિવ્ય ભાગવતી દેહે દિવ્ય રથમાં બેઠા એટલે અનંત ઘુઘરાઓના ઝણકારો યુક્ત એવા રથને શ્રીજી મહારાજે ચલાવ્યો. તે સર્વેજનોએ દીઠો, ત્યાર પછી સર્વેજનો કહેવા લાગ્યા. "આ તો શ્રીજી મહારાજે ફુલબાઈને મોટો પરચો આપ્યો અને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી ગયા. માટે અક્ષરધામના અધિપતિ અને સર્વે અવતારના અવતારી અને સર્વે કારણના કારણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન અને એમના નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનાર સંતો મહાન છે. હે મહારાજ અમને સૌને પણ ધર્મની નિષ્ઠાનું બળ આપજો અને હાજરા-હજૂર રહી આવા પરચા પૂરજો."

●

## બિરૂદની બલિહારી

- સાં.યો. અલ્પાબેન ગુરુ શિલ્પાબેન (ગઢડા-સ્વામીના)

અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ અતિ દયાળુ છે. સુખકારી છે અને

દુઃખહારી પણ છે. એમણે તો વરદાન આપ્યું છે કે અંતકાળે મહારાજને તેડવા માટે જરૂર આવવું બિરૂદ મારૂ એ ન બદલે એ સર્વે જનને જરૂર જણાવવું. ભગવાને તેમના વચનમાં ચોખ્ખે ચોખ્ખું કહ્યું છે કે મારા ભક્તની અંતિમ ઘડી આવે ત્યારે હું સ્વયં આવીને મારા ધામમાં લઈ જઈશ આ મારૂ વચન છે. એ કોઈ દિવસ બદલાશે નહીં. આ તો થઈ ભગવાનના વચનની વાત પણ આ વચન કોને માટે છે ? જો સાચે સાચો ભગવાનનો ભક્ત હોય તેના માટે છે. એટલા માટે આપણે પ્રભુના પ્યારા, પ્રભુના વ્હાલા સંતોનો સમાગમ દ્વારા ભગવાનમાં અનન્યપણાની ભાવનાથી અનન્ય ભક્ત બનવું વધારે જરૂરી બને છે. જેમ કે ગમે તેવું દુઃખ કોઈ આપણી નિંદા કરે ગમે તેમ બોલે છતાં પણ સત્સંગને ભક્તિ છોડવાનો કોઈ પણ ભોગે મનમાં સંકલ્પ પણ ન થાય. એજ સાચા અર્થમાં ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય. આવા એકાંતિક ભક્તોના જીવનમાં નજર કરીએ અને આપણા જીવનમાં, ભક્તિમાં જે ખામીઓ હોય તે ખામીઓ તેને ભગવાન દૂર કરી અને ભગવાનના સંતોની કૃપા પામી અને તે રાજી થાય તેવો પ્રયત્ન કરીએ.

એક દિવસ પ્રભુના બે સંતો સત્સંગના પ્રચાર માટે ફરતા ફરતા બુરહાનપુરમાં પહોંચ્યા. ત્યાં તાપી નદીના કિનારા પાસે એક ધર્મશાળામાં ઉતારો કર્યો. ગામના લોકો નદીમાં સ્નાન કરવા આવતા તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરતાં આ સંતોના દર્શન થયા. દર્શન થવાથી અંતરમાં શાંતિ થવા લાગી. પછી આપસ આપસમાં લોકો વાતો કરવા લાગ્યાં કે, આ ભગવાનના સાચા સંત લાગે છે. કેટલાક લોકો આ સંતોની પાસે આવી બેસવા લાગ્યા. સંતોએ આ લોકોને પોતાનો પરિચય આપ્યો કે અમે પ્રગટ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો છીએ જે અત્યારે આ સમયે ધરતી ઉપર પ્રગટ થયા છે. તે પ્રભુ ખૂબ દયાળુ છે અનાથના નાથ છે. જે તેમના આશ્રિત થાય છે તેમને આલોકમાં અને પરલોકમાં મોટું સુખ મળે છે.

કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમના ગુરુ શ્રી રામાનંદ સ્વામી પાસેથી વરદાન માંગી લીધું છે. આવી ભગવાનની વાતો સાંભળી શેઠ શામળજી અને પીતાંબર બન્ને ભાઈઓના મનમાં એકદમ શાંતિનો અનુભવ થયો. આવા સંત ક્યાંય નથી આપણે તેના આશ્રિત બનીએ તો કેવું સારું. આવું વિચારી બન્ને ભાઈઓ સંતો પાસે જઈ કહેવા લાગ્યાં હે સંતો અમારે પ્રગટ ભગવાનના ભક્ત બનવું છે. તો કૃપા કરીને અમને જે વિધિ હોય તે બતાવો અમે સારી રીતે પાલન કરીશું. ત્યારે સંતે કહ્યું અરે ભાઈ તો.... તો તમારૂ ભાગ્ય ખૂલી જશે. આવો શરણાગતિનો મંત્ર અને ગળામાં કંઠી ધારણ કરો અને સદાય સ્વામિનારાયણના મંત્રનો જપ કરજો. આજે શરણાગતિથી તમારા બધાય પાપ કર્મ બળીને ભસ્મ થઈ ગયા પણ આજ પછીથી નવા પાપ ન થાય તેનું ધ્યાન રાખવું. જીવનમાં સુખ દુઃખ આવે અને જાય પરંતુ સત્સંગને છોડવો નહીં. તો ભગવાન તમારી રક્ષા કરશે.

બન્ને ભાઈઓ મનમાં ખૂબજ ખુશ થયા અને સત્સંગી બની ઘરે ગયા અને સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યાં. આ જોઈ તેમના મોટા ભાઈ શોભારામને આ સારૂ ન લાગ્યું. તેમણે તેમના બન્ને ભાઈઓને કહ્યું કે આપણો જુનો વૈષ્ણવ ધર્મ છોડી નવો સ્વામિનારાયણ ધર્મ શા માટે અપનાવ્યો કોણ છે એ સ્વામિનારાયણ ? આવી રીતે ખિજાવા લાગ્યો. છતાં પણ બન્ને ભાઈઓ સંતો પાસે સમાગમ જતા. તે જાણીને શોભારામ તેમની સાથે ખૂબ ઝગડતો અને ભગવાનની નિંદા કરતો. આ રીતે સત્સંગ છોડાવવા માટે બહુંજ ઉપાય કર્યા પણ બન્ને ભાઈઓએ સત્સંગ છોડ્યો નહીં.

એક દિવસ શોભારામે બન્ને ભાઈઓ સાથે ખૂબજ ઝઘડો કર્યો ત્યારે બન્ને ભાઈઓ કહેવા લાગ્યા કે ભાઈ કોઈના હાથમાં ચિંતામણી હોય એ કોઈ બાળકના કહેવાથી ફેંકી દેશે ? એવી રીતે અમને સત્સંગ નામનો ચિંતામણી મળ્યો છે એ અમે કોઈ પણ સંજોગમાં નહીં મૂકીએ.

અરે ભાઈ ! તમે એ સંતોની એક વખત વાત તો સાંભળો. તો તમારા અંતરમાં શાંતિ થઈ જશે.

થોડા દિવસ બાદ શોભારામસંતોની પાસે ગયા અને સંતોના મુખથી નિર્મળ વાતો સાંભળી શોભારામના હૃદયમાં શાંતિ શાંતિ થઈ ગઈ. સંતોના દયાળુ અને ઉદાર સ્વભાવથી પ્રભાવિત થઈ શોભારામે પોતાની ભૂલ કબુલ કરી અને વર્તમાન ધારણ કરી સત્સંગી થઈ ગયા.

સ્વામિનારાયણના ભક્ત તો બની ગયા પણ મનમાં ક્યારેક શંકા થતી હતી, એ કોઈને કહેતા નહીં પણ ભગવાન તો અંતર્યામી છે.

એક દિવસ ભગવાને શોભારામને યમપુરી બતાવવાનો સંકલ્પ કર્યો. તરત જ યમદૂતો એ આવી શોભારામને યમપુરીમાં લઈ ગયા અને માર મારવા લાગ્યાં ત્યારે શોભારામે ઘણા દેવ-દેવીઓને યાદ કર્યા બધા પરોક્ષ અવતારોને યાદ કર્યા સ્મરણ કર્યું પરંતુ કોઈ સહાયતા માટે આવ્યું નહિ. પછી છેલ્લે સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાની સાથે જ યમદુતો શોભારામને રેઢાં

મુકીને ભાગ્યા. એ સમયે શોભારામના મા-બાપ દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા અને કહેવા લાગ્યાં. સ્વામિનારાયણના સ્મરણથી અમો યમપુરીનાં દુ:ખમાંથી છૂટ્યા છીએ હવે અમો તેમના ધામમાં જઈશું. માટે તું પણ સ્વામિનારાયણનું ભજન જ કરજે એમ કહી શોભારામના માતા-પિતા તેમના દેખતાં અક્ષરધામમાં ગયા.

શોભારામનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ મહા પ્રભુ સંતોની સાથે વિમાનમાં બેસીને શોભારામને તેડવા આવ્યા અને કહેવા લાગ્યા ચાલો શોભારામ અમે તમને અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ. શોભારામ સ્તુતિ કરવા લાગ્યો. પ્રભુ આપના બિરૂદ. (વચન)ની બલિહારી છે. કેમ કે મારા અવગુણ ન જોયા અને તમો વચનને યાદ કરી મને આપના અક્ષરધામમાં લેવા પધાર્યા. અને બધાને કહેવા લાગ્યા કે હું ભગવાનના અક્ષરધામમાં જાઉં છું. બધાને મારા છેલ્લા જય સ્વામિનારાયણ.

વહાલા ભક્તો ! જુઓ શોભારામના બન્ને ભાઈઓએ ભગવાન પ્રત્યે દૃઢ નિષ્ઠા રાખી સત્સંગ ન છોડ્યો અને સત્સંગ છોડનારનું પણ કલ્યાણ કર્યું અને શોભારામ પણ સાચો ભક્ત બની જતા ભગવાને એના ગુણ અવગુણ ન જોયા અને ભગવાને તેમના બિરૂદનું પાલન કરી અને તેમના ધામમાં લઈ ગયા. સાચા ભાવથી સેવા-ભક્તિ સત્સંગ કરશું તો ભગવાન સ્વામિનારાયણ આપણને પણ કાયમને માટે એની સેવામાં રાખશે.

●

**બાયરન જ્યોર્જિયામાં નૂતન મંદિરની શિલાન્યાસ વિધિ કાર્યક્રમ**

શ્રી નરનારાયણદેવ ગાદીના તાબાના તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંસ્થાપિત ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ ઓર્ગેનાઈઝેશન (I.S.S.O.) યુ.એસ.એ. સંચાલિત નૂતન નવ્ય ભવ્ય ૩૧ એકરના વિશાળ કેમ્પસમાં ભારતીય શિલ્પશાસ્ત્રનુંસાર મહામંદિર નિર્માણની શિલાન્યાસ વિધિ તા. ૧૩-૩-૨૦૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થશે. તો (જ્યોર્જીયા) વિસ્તારમાં રહેતા સત્સંગીઓએ નીચે મુજબ ઈ-મેઈલ તથા સરનામા પર સંપર્ક કરી મહોત્સવમાં લાભ લેવા વિનંતી છે.

કોન્ટેક : જયેન્દ્ર પટેલ **Swaminarayan Temple**

**5/56 HOUSER'S MILL ROAD, BAYRON G.A. 31008 PH. : 1-4783208113**

**E-MAIL : issobayron@yahoo.com**

## સીડનીમાં આપણા પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણીની સોલારજેમ કું. ને ૨૦૧૦ ઓસ્ટ્રેલીયન ઈનોવેશન સૂટ આઉટ સ્પર્ધામાં વિજેતા એવોર્ડ



સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પરત્વે અનન્ય નિષ્ઠાવાળા અને સીડની (ઓસ્ટ્રેલીયા) આપણા I.S.S.O. ના પ્રેસિડેન્ટ પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણી ઘણા વરસથી ધંધાર્થે ઓસ્ટ્રેલીયા સ્થાયી થયા છે. આપણા સીડની મંદિરમાં તેમનું મોટું યોગદાન છે. તેઓ ત્યાં સોલાર જેમ કુંપનીના C.E.O. અને સહસ્થાપક છે. આ કંપની ઓસ્ટ્રેલીયાની નામાંકિત ટેકનોલોજી કંપનીઓમાંની એક છે.

જે વિજળીના વૈકલ્પિક સ્તોત્રો વિકસાવવા માટેની વિવિધ ટેકનોલોજીનો વિકાસ કરવાનું કામ કરે છે. ૨૦૧૦ તા. ૯ જાન્યુઆરી થી ૨૨ જાન્યુઆરી માં થયેલ સ્પર્ધામાં વિશ્વની અનેક નામાંકિત કંપનીઓએ ભાગ લીધેલ. સ્પર્ધાના અંતે પેનલ ઓફ જજીસે શ્રી ખીમજીભાઈની સોલાર જેમ કું. ને વિજેતા જાહેર કરી અને કંપનીને પોતાનો બિજનેશ વિકસાવવા ૪૦ હજાર ડોલરની નાણાકિય, કાયદાકિય અને માર્કેન્ટીંગ કન્સલેટસ નું સહાય પેકેજ જાહેર કર્યું. શ્રી ખીમજીભાઈની આપણા દેશ અને સંપ્રદાય માટેની આ ગૌરવવંતી સિદ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અતિ રાજી થઈ આશીર્વાદ પાઠવે છે.

# ..........પ્રશ્નપેટી..........

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)

પ્ર. : ૧ મન દીધું હોય ને ન દીધું હોય તેના શા લક્ષણ છે ? વચનામૃતને આધારે મુક્તાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર શો છે ?

પ્ર. : ૨ ગામ પીઠવાજાળ છોડીને દેવશી ભગત આંબા ગામમાં રહેવા આવ્યા પણ તે ગામમાં મંદિર નહતું તો મંદિર કરવા માટે દેવશી ભગતે શું કર્યુ ?

પ્ર. : ૩ સદ્. મુક્તાનંદ સ્વામીનું એક પદ છે, જેની અમુક કડી નીચે પ્રસ્તુત છે, ''રાજબી દુઃખીયા રંક બી દુઃખીયા, ધન પતિ દુઃખીયા વિકાર મે.... વિના વિવેક ભેખ સબ દુઃખીયા, જૂઠાં તન અહંકાર મે.... જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા, માયા ઘોર અંધાર મે......'' આ પદમાં મુક્તાનંદ સ્વામી દુઃખનું મુખ્ય કારણ શું બતાવે છે ?

પ્ર. : ૪ ગાયકવાડ સયાજીરાવ મહારાજાએ સ.ગુ. મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, ''મારી પાસે રાજ્ય છે છતાં મારી પ્રજા તમારી આજ્ઞા માને છે તેટલી મારી આજ્ઞા નથી માનતી, દારૂ, માંસ, અફીણ છોડાવવા કડક કાયદા કર્યા, અમલ કરાવવા પોલીસ રાખી છતાં અમલ નથી થતો, તમે વિના પોલીસે તમારી આજ્ઞામાં પ્રજાને રાખો છો, તમારી પાસે જેટલા પ્રેમથી આવે છે તેટલા પ્રેમથી મારી પાસે નથી આવતી. તમારી પાસે કંઈ વશીકરણ વિદ્યા છે કે શું ?'' - મુક્તાનંદ સ્વામી પાસે કઈ વશીકરણ વિદ્યા હતી ?

પ્ર. : ૫ વિ.સં. ૧૮૮૫ ના આસો વદ ૧૩ ના શુભ દિવસે શતાનંદ મુનિએ ક્યા ૧૧ શ્લોકથી શ્રીહરિની સ્તુતિ કરી છે તેના પ્રારંભનો શ્લોક ક્યો છે ?

પ્ર. : ૬ ''વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી, ઉપરનો અછો બન્યો, માંહી મોહ ભરપુરજી... - નિષ્કુળાનંદ સ્વામી રચિત આ કડીની પ્રથમ કડી કઈ છે ?

પ્ર. : ૭ જીવનું શું લક્ષણ છે ? તે શિક્ષાપત્રી અનુસાર વ્યાખ્યા કરો ?

## જાન્યુઆરી-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ૧. મામૈયો ૨. હાથીયો ૩. રામો (૨) સ.ગુ. શતાનંદ સ્વામી. (૩) ''તારા સ્વામિનારાયણ આવતી કાલે સૂર્યોદય પહેલા નહીં આવે તો સૂર્ય ઉગશે એટલે તારા ઢીંચણ ભાંગી નાખીશ.'' (૪) સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી. (૫) સ.ગુ. દયાનંદ સ્વામી. (૬) ચંદ્રમાં, બ્રહ્મા, વાસુદેવ, રુદ્ર. (૭) સ.ગુ. આધારાનંદ સ્વામી.

૧. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૨. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૩. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૪. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૫. સાં.યો. રેખાબા, અસ્મિતાબા, મંજુબા, ભારતીબા (કાલુપુર મંદિર - હવેલી)
૬. સાં.યો. રંજનબા, રસિલાબા (બાલાસિનોર)
૭. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૮. સાં.યો. કોકિલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૯. હસુબેન કે. ઠક્કર (અમદાવાદ)
૧૦. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૧૧. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૧૨. સાં.યો. શિલ્પાબા, શિતલબા (કાલુપુર મંદિર - હવેલી)
૧૩. વિઠ્ઠલપરા અમરસિંહભાઈ વી. (નવસારી)
૧૪. સ.ગુ. શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૧૫. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલ)
૧૬. અમૃતલાલ કે. મોદી (સોજા)
૧૭. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૧૮. માણકેબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૯. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૨૦. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘુંટુ-મોરબી)
૨૧. જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા - કડી)
૨૨. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૨૩. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૨૪. સ.ગુ.શા. પ્રેમપ્રકાશ સ્વામી (વાલી, જેતલપુર વાડી)
૨૫. શા. ભક્તિદર્શન સ્વામી (લાડવી, જેતલપુર વાડી)
૨૬. સાં.યો. બહેનો (સ્વા. મંદિર જેતલપુર હવેલી)
૨૭. સેજલ બાબુભાઈ (બાપુનગર)
૨૮. વર્ષાબેન સોની (મેમનગર)
૨૯. ટાંક ચંદ્રિકાબેન (જીરાગઢ)
૩૦. કાચા કૌશિકા (જીરાગઢ)
૩૧. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૨. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૩૩. સાં.યો. અલ્પાબેન ગુરુ શિલ્પાબેન (ગઢપુર)
૩૪. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ**

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં અને પૂજનીય સંતો હરિભક્તોની ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પાંચ પેઢીથી હજૂર સેવા કરતા પાર્ષદશ્રી મહોબતસિંહજી ભગત તા. ૨-૧-૨૦૧૦ ના રોજ અક્ષરનિવાસી થતા તેમના પુણ્ય સ્મરણાર્થે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મવંશીની આજ્ઞા-આશીર્વાદથી અને અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી તથા પાર્ષદ મહાદેવ ભગત ગુરુ મહોબતસિંહ ભગત તથા હજુરી પાર્ષદ વનરાજ ભગત ગુરુ શામળ ભગતના સંકલ્પથી પૂ. ભગતજીના હેતવાળા હરિભક્તો તરફથી તા. ૧૮-૧-૨૦૧૦ થી તા. ૨૨-૧-૨૦૧૦ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) તથા શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) અને સહિતા પાઠના વક્તા શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી રહ્યા હતા. પ્રથમ અને છેલ્લા દિવસે ઠાકોરજીને થાળ, ધર્મવંશી અને સંતોને રસોઈ આપવામાં આવી હતી. પૂર્ણાહુતિના દિને શા. સ્વામી નિર્ગુણદાસજી, અમદાવાદ મંદિરના મહંત સ્વામી, બ્ર.સ્વા. વાસુદેવાનંદજી આદિ સંતોએ તેમના ગુણોને યાદ કરી તેમની સેવા ભક્તિને બિરદાવી હતી. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ભગતજીના 'દરબાર' ના અનેક પ્રસંગોને યાદ કરીને તેમની ધર્મકુળની સેવાની ખૂબજ પ્રશંસા કરીને તેમના શિષ્ય મહાદેવ ભગતને આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગે ધામોધામના સંતો અને હરિભક્તો પધાર્યા હતા.

(અજીતસિંહ દરબાર)

**તા. ૧૫-૧-૨૦૧૦ના સૂર્ય ગ્રહણ નિમિત્તે અમદાવાદ મંદિરમાં કીર્તન સંધ્યા કાર્યક્રમ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી સૂર્ય ગ્રહણના દિવસે સભા મંડપમાં આપણા સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગાયક કલાકારશ્રી જયેશભાઈ સોની અને મંડળે ભગવાન સંબંધી નંદસંતોના ભજન ધૂન કીર્તન આદિ કર્યા હતા. (મુનિ સ્વામી)

**નારાયણઘાટ મંદિરથી શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ નિમિત્તે પોષ વદ-૧૧ એકાદશીને તા. ૧૦-૧-૨૦૧૦ સવારે ૫-૧૫ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની મંગળા આરતી ઉતારીને સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રાનો શુભારંભ કર્યો હતો.

આ પદયાત્રામાં રાણીપ મંદિરના રજત જયંતીના ઉપક્રમે અને વાડજ મંદિરના ૫૦ વર્ષના ઉપક્રમે ત્યાંના હરિભક્તો હજારોની સંખ્યામાં પદયાત્રામાં જોડાયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે નારણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, નાના પી.પી. સ્વામી સહિત ૧૨ જેટલા સંતો અને ૪૦૦૦ ઉપરાંત હરિભક્તો ધૂન-કીર્તન કરતા શ્રી નરનારાયણદેવની શણગાર આરતીના દર્શન કરી પદયાત્રા પૂર્ણ થઈ હતી.

(શા. અભયપ્રકાશદાસ)

**દંઢાવ્ય પ્રદેશના વડુ ગામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સ્નેહ સત્સંગ સંમેલન**

શ્રી નરનારાયણદેવની ગાદીના તાબાના ગામ વડુંના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રાજીપાથી તા. ૧૦-૧-૨૦૧૦ ને રવિવારે સૌ પ્રથમવાર યુવા સ્નેહ સત્સંગ મિલન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સાનિધ્યમાં શ્રી નરનારાયણ વાડીમાં સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ સુધી યોજાયું હતું. જેમાં ઉત્તર ગુજરાતના ગામો ગામથી ઘણી મોટી સંખ્યામાં યુવાનો પધાર્યા હતા. જેમાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ ધર્મકુળ પરંપરા અને સ્વરૂપ નિષ્ઠા અંગે કૃતનિશ્ચયી રહી સેવા-સ્મરણ અને સત્સંગ કરવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અસારવા ગુરુકુળ) એ શ્રીજી મહારાજની આજ્ઞાનુંસાર દેવનો દશાંશ વીસાંશ ધર્માદો કાઢવા અંગે હરિભક્તોને શાસ્ત્રોનો મૂળભૂત સિદ્ધાન્ત સમજાવ્યો હતો. તેમજ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર ગુરુકુલ)એ નિયમ નિશ્ચય, પક્ષ અને આજ્ઞા-ઉપાસના શાસ્ત્રના સિદ્ધાન્ત પ્રમાણે સમજાવ્યા હતા અને અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ વડું ગામની ધરતી શ્રીજી ચરણાંકિત વડે ધન્ય થયેલી છે અને ધન્ય થઈ રહી છે તે વાતને સમર્થન આપી દેશ-વિદેશમાં પથરાયેલ વડું ના હરિભક્તોની તન, મન, ધનની સેવાને બિરદાવી યુવાનોમાં સેવા-સંસ્કારની સાથે સત્સંગનો મહિમા ઉતરે તેવી પ્રેરણાદાયી વાત સમજાવી હતી.

અંતમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ પધારેલા યુવાનોના ઉત્સાહમાં વધારો કરતાં પોતાની અમૃતવાણી દ્વારા મનને સાવધાન કરવા મર્કટ (વાંદરા)નું અત્યંત સૂચક ઉદાહરણ આપી મનની મક્કમતા હશે તો જ સાચા સત્સંગના સિદ્ધાન્તો જીવનમાં ઉતરશે અને એ સિદ્ધાન્તો દ્વારા જ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સહજમાં રાજીપો પ્રાપ્ત કરી મનુષ્ય જન્મને સાર્થક કરી શકાશે એ બાબતને સવિસ્તર સમજાવી યુવાનોને પ્રોત્સાહિત કરી અંતઃકરણના શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ યુવા શિબિરમાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ ખૂબ જ પ્રસંશનીય સેવા કરી હતી. સભાનું સફળ સંચાલન નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંર સ્વામી)એ દિપાવ્યું હતું. આ પ્રસંગે સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંત સ્વામી) તથા સ.ગુ. બ્ર.સ્વા. પૂજારી રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારી) તથા કોઠારી જે.કે. સ્વામી વિગેરે સંતો શ્રી નરનારાયણદેવ યુવક મંડળ વડુંના યુવાનો આ શિબિરમાં યથાર્થ રીતે જોડાયા હતા. (શાસ્ત્રી અભિષેકપ્રસાદાસ, વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ**

અત્રે બહેનાના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં રહી અખંડ શ્રીહરિની સેવા પરાયણ સાંખ્યયોગી સુરજબાના સેવક સાંખ્યયોગી ઝવેરબા તરફથી તા. ૮-૧-૨૦૧૦ થી તા. ૧૨-૧-૨૦૧૦ સુધી "શ્રીમદ્ સત્સંગિભૂષણ" પંચાન્હ પારાયણનું મંગળ આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે વડનગર ગુરુકુળના વિદ્વાન સા.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. આ શુભ પ્રસંગને દિપાવવા સાંખ્યયોગી સુરજબા તથા સાંખ્યયોગી ઝવરબાના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી અ.સૌ. પૂજ્ય ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પૂ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. તેમજ તા. ૧૧-૧-૨૦૧૦ ને સોમવારે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ પધારી વાવોલ ગામના સમસ્ત સત્સંગી હરિભક્તો તેમજ ધર્મ પ્રેમીજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે તા. ૮-૧-૨૦૧૦ ના રોજ અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીએ દીપ પ્રાગટ્ય કરી કથાનો શુભારંભ કરાવ્યો હતો. તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામીએ પણ પોતાની વાણી દ્વારા વાવોલના સત્સંગ સમાજની સેવા-ધર્મની પ્રવૃત્તિને બિરદાવી હતી. તેમજ આ મંગળ પ્રસંગને દિપાવવા યજમાનશ્રીના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી તા. ૧૨-૧-૨૦૧૦ ને મંગળવારે પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયું ગામના રાજમાર્ગો ઉપર નગર યાત્રાના રૂપમાં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ બહેનોના અને ભાઈઓના મંદિરમાં પધારી શ્રી ઠાકોરજીની આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી કથા મંડપમાં પધાર્યા હતા. તે સમયે જય નાદના ઘોષ વડે પૂ. મહારાજશ્રીનું સ્વાગત કરી ભાવિકોએ વધાવ્યા હતા. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી પૂ. મહારાજશ્રીએ ગ્રંથ-વક્તાશ્રીનું પૂજન કરીને કરી હતી. કથાના યજમાન સાં.યો. ઝવરબા તરફથી અ.નિ. પટેલ કાળીદાસ ચતુરભાઈ તથા અ.નિ. પટેલ લાલભાઈ ચતુરદાસ તથા અ.નિ. પટેલ પોપટલાલ કાલીદાસ વતી ચીમનભાઈ કાળીદાસ પટેલ તથા કાન્તિભાઈ કાળીદાસ પટેલ તથા મહેન્દ્રભાઈ કાળીદાસ પટેલ તથા કેશાભાઈ કાળીદાસ પટેલ તથા રમણભાઈ કાળીદાસ પટેલ વિગેરે હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું ફૂલહારથી સ્વાગત પૂજન-આરતી કરી અલૌકિક લાભ લીધો હતો. આ સભામાં શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ પ્રસાદીની ધરતી આદરજ ગામમાં નૂતન મંદિર બાંધકામમાટે હરિભક્તોને પ્રેરણા કરતા ખૂબ મોટું યોગદાન વાવોલ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ આપ્યું હતું. અંતમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વાવોલ ગામનો સત્સંગ બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ કથા-વાર્તા કરી સુંદર રીતે દિપાવ્યું હતું. (શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી)

**વડનગરના પ્રસાદીના નાગધરે ખીચડી કઢી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી મંદિરમાં ધનુર્માસ દરમ્યાન દરરોજ સવારે ૬-૩૦ થી ૭-૦૦ સુધી અખંડ ધૂન્ય અને વ્હેલી પરોઢે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી સળંગ એક મહિના સુધી જોડાયા હતા. સાથે પૂજારી શા. અભિષેકપ્રસાદદાસ સ્વામીએ ધનુર્માસ દરમ્યાન શ્રીઘનશ્યામમહારાજને દરરોજ નૂતન સુંદર શણગાર સજાવી દર્શન અને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તેમજ તા. ૧૯-૧-૨૦૧૦ ને મંગળવારે જ્યાં શ્રીહરિ અખંડ અઢી માસ રોકાયા હતા, એ પ્રસાદીના નાગધરાની પવિત્ર જગ્યા ઉપર સાંજના ૩-૦૦ થી ૬-૦૦ સુધી સત્સંગ સભા અને પ્રસાદમાં ખીચડી-કઢીના ઉત્સવનું અનેરૂ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાને કરેલ અલૌકિક ચરિત્રો સાથે ધર્મવંશી ગુરૂ પરંપરાનો મહિમા શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સમજાવ્યો હતો. આ પ્રસંગે પ.ભ. સોમાભાઈ ડી. મોદી, ચીફ ઓફીસર શ્રી બ્રહ્મભટ્ટ

સાહેબ, શ્રી રાજુભાઈ મોદી. શ્રી અરવિંદભાઈ પટેલ પારુલ ગેસવાળા વિગેરેને સંપ્રદાયના હરિભક્તો શ્રી નવીનભાઈ મોદી, શ્રી નટુભાઈ ભાવસાર, શ્રી કનૈયાલાલ ભાવસાર દ્વારા સ્વાગત કરી બિરદાવ્યા હતા. (પટેલ કાલીદાસ જયંતીલાલ)

**કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. તા. ૨-૧-૨૦૧૦ ના રોજ પ.પૂ. મહારાજશ્રી આશીર્વાદ આપવા પધાર્યા હતા. ખીચડી મહોત્સવમાં હજારો ભાવિકોએ લાભ લીધો હતો. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપેલ. પોષ વદ-૧૧ એકાદશીના કાંકરિયા મંદિરથી અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા યોજી હતી. જેમાં સંતો સાથે હજારો હરિભક્તો જોડાયા હતા. મકર સંક્રાંતિના ખીચડી ઉત્સવમાં હજારો હરિભક્તો જોડાયા હતા. સંતોએ ખીચડી માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું. આ પ્રસંગે મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, આનંદ સ્વામી, શા. યજ્ઞપ્રકાશદાસજી, પૂજારી દેવ સ્વામી આદિ સંતોની પ્રેરણાથી ઉત્સવ ધામધૂમથી ઉજવાયા. (ગૌરાંગભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા**

તા. ૧૬-૧-૨૦૧૦ ના રોજ રાત્રે ૮-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અહીંના હરિભક્તો અને યુવક મંડળે પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં તન, મન અને ધનની સેવા તો કરી છે પણ શ્રીહરિને પ્રિય એવા શતાનંદમુનિ કૃત જનમંગલ સ્તોત્ર અથવા નામાવલિ દર શનિવારે કુલ ૧૧ પાઠ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્ઘાટન પર્યન્ત કરવાનું નિયમ લીધું છે. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વયં પોતાના અલૌકિક મુખે જનમંગલ પાઠનો શુભારંભ કરાવીને હરિભક્તોને ઉત્સાહિત કર્યા હતા. આ પ્રસંગના યજમાન શ્રી સોમાભાઈ નરસીભાઈ પટેલ અને સમસ્ત હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. (પ્રવિણભાઈ પટેલ)

**શ્રીહરિના પ્રસાદીના મોટેરામાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત ધર્મવંશી ના આશીર્વાદથી તથા શા. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રેના સોમેશ્વર મહાદેવના પ્રાંગણમાં તા. ૨૪-૧૨-૦૯ થી તા. ૨૮-૧૨-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું આયોજન થયું.

પ.ભ. ધર્મેશભાઈ કાંતિભાઈ પટેલે પિતૃઋણ અને પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તથા પોતાના માતુશ્રી ગં.સ્વ. કમળાબેન કાંતિભાઈ પટેલના સંકલ્પથી શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના મધરુ કંઠે યોજી હતી. હજારો ભક્તજનો કથા શ્રવણનો લાભ લેવા આવતા હતા.

પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને સમસ્ત ગ્રામજનો અને યજમાન પરિવારને આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગે ધામોધામના સંતો અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, જેતલપુરધામના મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, નારણઘાટના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી અને કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી આદિ સંતોએ પધારીને સુંદર લાભ આપેલ. બહેનોના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને અલૌકિક લાભ આપ્યો હતો. રાત્રી ભજન સંધ્યામાં શ્યામલ, સૌમીલ, મુનશીએ કીર્તન ભક્તિ કરીને સૌને આનંદિત કર્યા હતા. તા. ૨૮-૧૨-૦૯ના પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સમસ્ત સભાને આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. (વ્રજભૂષણદાસ)

**શ્રીહરિના પ્રસાદીના મોટેરા ગામે રાત્રી પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત મોટરા ગામે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ (રાત્રી) પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે તા. ૨૬-૧૨-૦૯ થી તા. ૩-૧-૨૦૧૦ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થઈ. હરિભક્તોએ અને ધર્મપ્રેમીજનોએ મોટી સંખ્યામાં કથાનો દિવ્ય લાભ લીધો.

દિવ્ય શાકોત્સવ અને કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. ત્યારે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. જેમાં મુખ્ય યજમાન પ.ભ. દ્વારકાદાસ ઈશ્વરભાઈ પટેલ તથા શ્રી ભરતભાઈ પ્રભુદાસ પટેલે પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી એ ખૂબજ ભાવાત્મક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવમાં હજારો ભાવિકો જોડાયા હતા. બન્ને ઉત્સવમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક

સેવા બજાવી હતી. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસે (કોટેશ્વર) સંભાળ્યું હતું. (શા. અભયપ્રકાશદાસ)

**ગોમતીપુર મંદિર**

અહીંયા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ધનુર્માસમાં ધૂનનું સુંદર આયોજન કર્યું હતું. ગોમતીપુરના દરેક ભાઈ-બહેનોએ ધૂનમાં લાભ લીધો હતો. (મુકેશભાઈ)

**નરોડા આદિશ્વરનગર મંદિર**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધનુર્માસમાં ધૂનમાં હરિભક્તો એ દિવ્ય લાભ લીધો હતો. તા. ૨૭-૧૨-૦૯ ના રવિવારે શાકોત્સવ પ્રસંગે કાલુપુર, નારણઘાટ, વહેલાલ અને નિકોલ મંદિરના સંતોએ શ્રીહરિના મહિમા સાથે શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (નરસીભાઈ માસ્તર)

**ડાંગરવા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા બીલીયા અને વાલી (રાજ.)ના સંતોની પ્રેરણાથી અહીં બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવના શતાબ્દી મહોત્સવ પ્રસંગે પાટીદારોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૫-૧૧-૦૯ થી તા. ૨૯-૧૧-૦૯ પર્યન્ત સુંદર કથાનું આયોજન બીલીયાના શાસ્ત્રી સ્વામી ચંદ્રપ્રકાશદાસજીના વક્તાપદે થયું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને આશીર્વાદ આપી રાજી થયા હતા. અમદાવાદ વસતા ડાંગરવાના હરિભક્તોએ અમદાવાદથી ડાંગરવા પદયાત્રા યોજી હતી. અગીયાર કુંડી યજ્ઞ પણ ધામધૂમથી થયો હતો. દેશ-વિદેશ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ અલૌકિક લાભ લીધો હતો. (છનાલાલ પટેલ)

**કાલીયાણા**

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી તા. ૪-૧-૨૦૧૦ ના જેતલપુરથી શાસ્ત્રી હરિૐપ્રકાશદાસજી, શ્યામસ્વામી અને વી.પી. સ્વામીએ સત્સંગ સભામાં કથાવાર્તાનો અલૌકિક લાભ આપેલ. પ.ભ. ડાહ્યાભાઈ બૂટીયા, પ.ભ. ભીખુભાઈ મોરી આદિ અગ્રગણ્ય હરિભક્તોની સેવા પ્રશંસનીય હતી. (ઘનશ્યામભાઈ ભીખુભાઈ મોરી)

**સાણંદ પાસેના માણકોલ ગામે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા**

નળકાંઠાનું સાવ અંતરિયાળ માણકોલ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર ધામના પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા શિયાળ ગામના પ.ભ. ઘનશ્યામભાઈ આદિ હરિભક્તોના સહિયારા પુરુષાર્થ અને આમંત્રણથી તા. ૮-૧-૨૦૧૦ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સૌ પ્રથમમંદિરમાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં પૂ. પી.પી. સ્વામી, નાના પી.પી. સ્વામી આદિ સંતોએ શ્રી નરનારાયણદેવ અને આચાર્ય મહારાજશ્રીનો મહિમા કહ્યો હતો. સભામાં ઘણા નવા મુમુક્ષુઓને પ.પૂ. મહારાજશ્રીએ કંઠી બાંધી ગુરુ મંત્ર આપી આશીર્વાદ આપ્યા હતા. શ્રી કાળુભાઈ અજુભાઈ સોલંકી અને તેમના પુત્રો હસમુખભાઈ અને અનીલભાઈને અને અન્ય હરિભક્તોને ત્યાં પધરામણી કરી હતી. શ્રી અરવિંદભાઈ કાનજીભાઈ (શિયાળવાળા) ની સેવા પ્રેરણાત્મક હતી. પ.પૂ. મહારાજશ્રી સમસ્ત ગામના ભાવિક ભક્તો પર ખૂબજ રાજી થયા હતા. આ પ્રસંગે પૂ. શ્યામસ્વામી, પૂ.બ્ર. રાજેશ્વરાનંદજી, જે.કે. સ્વામી, મુનિ સ્વામી, જેતલપુરના વી.પી. સ્વામી આદિ સંતો પધાર્યા હતા. (ચિમનભાઈ પટેલ, ભાતવાળા)

**આપણા મંદિરોમાં ઉજવાયેલા ભવ્ય શાકોત્સવ**

**નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં** પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા મહંત શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવની પ્રાકટ્ય ભૂમિ સાબરમતીના કિનારે તા. ૨-૧-૨૦૧૦ ના શનિવારના સાંજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શાકનો અલૌકિક વઘાર કરી શાકોત્સવ ઉજવાયો. જેના મુખ્ય યજમાન પદનો લાભ પ.ભ. સાકળચંદભાઈ છગનદાસ પટેલ હ. જયંતીભાઈ, પ્રકાશભાઈ તથા દશરથભાઈ (સુપર મારબલ વિહારવાળા) તથા સહ યજમાન પ.ભ. કેશુભાઈ રૂડજીભાઈ ચૌહાણ હ. વિજય, કલ્પેશ અને રોનક (વલસાડ) આદિ પરિવારે લાભ લીધો હતો. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ શાકોત્સવનો મહિમાની કથા અને કીર્તન ભક્તિ આદિ સુંદર કાર્યક્રમ થયા હતા.

આ પ્રસંગે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, વડનગરના શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, નારણપુરા મહંત શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને આનંદ સ્વામી આદિ સંતોએ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. હજારોની સંખ્યામાં હરિભક્તોએ દેવદર્શન કરી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી. શ્રીનરનારાયણદેવ યુવક મંડળે સંતો સાથે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (શા. અભયપ્રકાશદાસ)

## ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર

ઈડર સર્વોપરિ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજની નિશ્રામાં તા. ૯-૧-૨૦૧૦ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો વઘાર કરી શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. સભામાં મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી અને ધામોધામથી પધારેલા સંતોએ અને યજમાન પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસે સભા સંચાલન કરતા જણાવ્યું કે પ.પૂ. આચાર્યમહારાજશ્રીની આજ્ઞાથી સમસ્ત સાબરકાંઠા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિર તા. ૨૧-૨-૨૦૧૦ના રોજ રાખવામાં આવેલ છે. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સાબરકાંઠાના સમસ્ત હરિભક્તોએ શાકોત્સવનો દિવ્ય લાભ લીધો હતો.

(સાધુ સત્યસંકલ્પદાસ)

## હર્ષદકોલોની મંદિર (બાપુનગર)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૪-૧-૨૦૧૦ રવિવાર ભવ્ય શાકોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉજવાયો. ૮૦૦૦ જેટલા હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી અતિ પ્રસન્ન થયા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

## ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત નારણપુરા પ્રગતિનગર કોમ્યુનીટી હોલમાં તા. ૬-૧-૨૦૧૦ ના રોજ સાંજે પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. યજમાન પ.ભ. ગાંડાભાઈ કાળીદાસ પટેલે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

પ્રાસંગિક સભામાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) મહંત સ્વામી, દેવપ્રકાશદાસજી અને નાના પી.પી. સ્વામી (નારણઘાટ), મહંત શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા), શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), સ્વામી જગતપ્રકાશદાસજી અને સ્વામી સ્વયંપ્રકાશદાસજી (જયદેવપુરા) આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ૨૦૦૦ જેટલા ભક્તજનોએ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(શૈલેષભાઈ પટેલ)

## બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ધનુર્માસ ધૂન ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથાનું પાન શાસ્ત્રી વ્રજવલ્લભદાસજીએ કરાવ્યું હતું તા. ૨૭-૧૨-૦૯ ને રવિવારના ભવ્ય શાકોત્સવ ઉજવાયો. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો. વહેલાલ ધામની યાત્રા કરી ધન્યતા અનુભવી. મહંત સ્વામી અને કોઠારી અને હરિભક્તો પ્રેરણારૂપ બન્યા. (પ્રવિણભાઈ ઉપાધ્યાય)

## પ્રાંતિજ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી માધવપ્રસાદદાસની પ્રેરણાથી તા. ૨૫-૧૨-૦૯ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. ગં.સ્વ. કોકીલાબેન રમેશચંદ્ર મોદી પરિવાર, અ.નિ. કેશવલાલ નાનચંદ મોદી પરિવાર તરફથી અ.નિ. અંબાલાલ નારાયણદાસના ફાર્મ ઉપર શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. ગવૈયા સ્વામીના સંતો હરિજીવન સ્વામી અને બળદેવ સ્વામીએ શાકોત્સવના નંદ સંતોના સુંદર રાગમાં કીર્તનો ગાયા હતા. આજુબાજુના ૧૦ જેટલા ગામોના ૨૦૦૦ ભાવિકોએ દિવ્ય લાભ લીધો. (કોઠારી હરિભાઈ મોદી)

## કલોલ શ્રીનગર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૯-૧૨-૨૦૦૯ ના રોજ શ્રીનગર મંદિરમાં શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં જસુ ભગત, પૂજારી હિતેન્દ્ર ભગત અને સાંખ્યયોગી બાઈઓએ સેવા કરી હતી. આજુબાજુના ગામોના ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. (ધર્માભાઈ પટેલ)

## કરજીસણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રસાદીના વાઘરોડા તળાવે તા. ૨૦-૧૨-૦૯ ના ભવ્ય શાકોત્સવ પાર્ષદ જસુ ભગતની પ્રેરણાથી અરવિંદભાઈ ગાંડાભાઈ પટેલ તથા ધનશ્યામભાઈ તરફથી ઉજવાયો. આજુબાજના ૧૦ જેટલા ગામોના ભાવિકોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(પટેલ રણછોડભાઈ)

## ધનસુરા મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૪-૧-૨૦૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ સંપન્ન થયો. શા.સ્વા. વાસુદેવચરણદાસજીની પ્રેરણાથી પ.ભ. મનહરભાઈ હિરાભાઈ પટેલ પરિવારે યજમાન બની મહા લાભ લીધો. પ.પૂ. મહારાજશ્રી સાથે પધારેલા સંતોમાં બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી, નારણઘાટના મહંત પી.પી. સ્વામી, જે.કે. સ્વામી, ઈડર મહંત સ્વામી, હિંમતનગર મહંતશ્રી તથા વિશ્વવલ્લભ સ્વામી આદિ સંતોએ મનનીય પ્રવચન કર્યા હતા. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં સાધુ વિશ્વવલ્લભદાસ, ઈડરના સત્યસંકલ્પદાસ, સુખનંદનદાસ, શ્રીજી સ્વામી અને પરેશ ભગત સેવામાં જોડાયા હતા. (સોમાભાઈ પટેલ)

**દેલવાડા મંદિરમાં શાકોત્સવ**

દેલવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીની પ્રેરણાથી તા. ૩-૧-૨૦૧૦ ના રોજ શ્રીહરિ સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. હરિભક્તોને રાજી કરવા, પ.પૂ. મોટા મહારાજશ્રીએ હરિભક્તોને ત્યાં પધરામણી કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. મોટી સંખ્યામાં ભક્તજનોએ શાકોત્સવ માણ્યો હતો.

(નારણભાઈ બી. પટેલ)

**કપડવંજ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૩-૧-૨૦૧૦ ના સમૂહ મહાપૂજા અને શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયા. જેમાં શા.સ્વામી વિશ્વસ્વરૂપદાસે કથાવાર્તા અને મહાપૂજાની વિધિ કરાવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને લાલભાઈ સેવામાં રહ્યા હતા. (કુલદિપ ભગત)

**વક્તાપુર મંદિર (પ્રાંતિજ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા નાના પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૯-૧-૨૦૧૦ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે નારણઘાટથી શાસ્ત્રી સ્વામી ચૈતન્યપ્રસાદદાસજી તથા શાસ્ત્રી અભયપ્રકાશદાસજીએ ઈષ્ટદેવ શ્રીજી મહારાજ અને શાકોત્સવનો મહિમા કહ્યો હતો. શાકોત્સવનો પ્રસાદ લઈ હરિભક્તો ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી)

**માધવગઢ મંદિર (પ્રાંતિજ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા શા.સ્વામી વાસુદેવચરણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૧-૨૦૧૦ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે નારણઘાટ મહંત નાના પી.પી. સ્વામી, શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી, પ્રાંતિજના મહંત સ્વામી શ્રીજીસ્વરૂપ સ્વામી અને સુખનંદનદાસે કથાવાર્તામાં શાકોત્સવનું માહાત્મ્ય કહ્યું હતું. હરિભક્તો શાકોત્સવને માણીને ધન્ય બન્યા હતા.

(કોઠારી ચિમનભાઈ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળીમાં વસંત પંચમીનો સમૈયો**

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં વસંત પંચમીનો સમૈયો ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો. પાટોત્સવના યજમાન ચંદુલાલ નાનજી પરમાર બારડોલી (જામસર હાલાર), નાનજી માવજી પરમાર રહ્યા હતા. આ પ્રસંગે સ્વામી બ્રહ્મવિહારીદાસજી (ડિટ્રોઈટ અમેરિકા) એ કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

પ્રાસંગિક સભામાં સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ સચોટ દ્રષ્ટાંત આપીને ઝાલાવાડના હરિભક્તો પર અઢળક રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. બપોરે ૧૨-૦૦ કલાકે ઘણા વરસ બાદ રંગોત્સવ રમીને પોતાના આશ્રિતોને રંગથી એવા ભીંજવી દીધા કે જે કોઈ ધર્મવંશીના હાથે રંગાયા તેનો બેડો પાર થઈ ગયો. આ સમૈયામાં જનમેદનીની સંખ્યા ૫૦,૦૦૦ થી પણ વધુ હશે. તેવું અનેક ભક્તોના મુખે સાંભળવા મળ્યું હતું.

અત્રેના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી અને સંત મંડળે સમૈયામાં સુંદર વ્યવસ્થા કરી હતી.

શ્રી રાધાકૃષ્ણદેવના પૂજારી જયપ્રકાશદાસજીએ પાટોત્સવ-અભિષેક પ્રસંગે સુંદર ગોઠવણ કરી હતી. (સાધુ પ્રેમસ્વરૂપદાસ)

**સુરેન્દ્રનગર મંદિરમાં ભવ્ય શાકોત્સવ**

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના તાબાના સુરેન્દ્રનગરશ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૩-૧-૨૦૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, ધ્રાંગધ્રાના રામસ્વામી, નારાયણપુરા મહંત શ્રીજી સ્વામી, , સત્યસંકલ્પદાસ, જીષ્ણુ સ્વામી, ભક્તિહરિસ્વામી, શ્રીજી સ્વામી (હળવદ) અમદાવાદથી રાજુ સ્વામી, મૂળીથી સૂર્યપ્રકાશ સ્વામી, રતનપરથી કે.પી. સ્વામી આદિ ધામોધામના સંતો પધાર્યા હતા. વિદ્વાન સંતોએ શાકોત્સવ સાથે ઝાલાવાડના સત્સંગને બિરદાવ્યો હતો. અને કહ્યું કે ભગવાનના પુત્ર સ્વયં શાક વધારે અને તે દિવ્ય પ્રસાદ જે કોઈ ગ્રહણ કરે તેનું ભાગ્ય પલટાઈ જાય. એવા આ શ્રીહરિના અપર સ્વરૂપનો મહિમા છે. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સંતો અને હરિભક્તો પર રાજી થઈ સૌને

ઉપદેશાત્મક ટકોર કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી સમગ્ર પ્રસંગ ધામધૂમથી ઉજવાયો. પૂજારી શાંતિપ્રકાશ સ્વામી, પૂજારી ભક્તિ સ્વામી અને કનુ ભગતની સેવા પ્રશંસનીય હતી.

અન્ય શાકોત્સવની સેવામાં પણ પ.ભ. કાંતિભાઈ જોઈતારામપટેલ, અમદાવાદ, નવીનભાઈ માંડલીયા, મોરબી, સુ.નગરના મનોજભાઈ પરમાર, ભરતભાઈ પટેલ રાજકોટ, વલ્લભભાઈ સુ.નગર તથા પિનાકીનભાઈ અને મહેન્દ્રભાઈ પટેલ સુરેન્દ્રનગર આદિ અનેક નામી અનામી હરિભક્તોએ સેવા કરી હતી. ૧૬ હજાર ભક્તોએ શાકોત્સવને માણ્યો અને જીવમાં ઉતાર્યો અને ધન્ય બની ગયા. (ઝાલા શૈલેન્દ્રસિંહ)

### ચૂડા ગામે ભાઈઓ તથા બહેનોના મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી ભાઈઓ અને બહેનોના મંદિરમાં તા. ૭-૧-૨૦૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ-અન્નકૂટ તેમજ શાકોત્સવ ધામધૂમથી ઉજવાયા.

સુરેન્દ્રનગર મંદિરથી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સત્યસંકલ્પ સ્વામી, શાંતિ સ્વામી, કે.પી. સ્વામી, જીષ્ણુ સ્વામી આદિ સંતોએ પધારીને પ્રસંગને દિપાવ્યો હતો.

પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ ઉપદેશાત્મક અને પ્રસંગોચિત વાત કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવની સેવામાં કોઠારી ઘનશ્યામભાઈ, ડૉ. ભરતભાઈ ખેરડીયા અને રાજુભાઈ સોની રહ્યા હતા. ગામના અને આજુબાજુના ગામોના હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (ઝાલા શૈલેન્દ્રસિંહ)

### અખીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિરનો (બહેનોનું) પાટોત્સવ ઉજવાયો

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના પાટડી તાલુકાના અખીયાણા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) (જે મૂળીના મહાન પૂજયનીય સંત સ.ગુ. શ્રી હરિનારાયણદાસજી સ્વામીનું જન્મસ્થળ) માં તા. ૯-૧૨-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. સમગ્ર ઉત્સવ સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજી (સુ.નગર) ની પ્રેરણાથી સંપન્ન થયો. આ પ્રસંગે અન્નકૂટ અને શાકોત્સવ પણ ઉજવાયા. ધ્રાંગધ્રાના રામસ્વામી અને મૂળીથી શા. સત્યસંકલ્પદાસજીએ ઉત્સવનો મહિમા સમજાવ્યો હતો. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર સંચાલન સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

### દેવીપુર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના ચરાડવાની બાજુમાં આવેલ દેવીપુર ગામે મુમુક્ષુઓની પ્રાર્થનાને ધ્યાનમાં લઈ નૂતન ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણ માટે જમીન સંપાદન કરી ભૂમિપૂજન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ભૂમિપૂજન અને દિવ્ય શાકોત્સવ ઉજવાયા. આ પ્રસંગે અમદાવાદના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, હળવદથી શ્રીજી સ્વામી અને પી.પી. સ્વામી આદિ સંતોએ હરિભક્તોને પ્રેરણા દાયી પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે ૭ થી ૮ હજાર હરિભક્તોએ લાભ લીધો હતો. છેલ્લે સૌ હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી દેવીપુર અને ચરાડવાના યુવાનોએ સેવા બજાવી હતી.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, ચરાડવા)

### જેતપર-મચ્છુ ગામે પાટોત્સવ

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના મચ્છુખાતે શ્રી સ્વામિનારાયણ મંદિરના ચોથા પાટોત્સવ પ્રસંગે શાકોત્સવનું ભવ્ય આયોજન થયું હતું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને દિવ્ય શાકોત્સવનો વધાર કર્યો હતો.

આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરથી મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા મૂળીના શ્રીજી સ્વામી આદિ સંતોએ પ્રસંગોચિત્ત પ્રવચન કરેલ.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર સંચાલન સુરેન્દ્રનગરના સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, જેતપર)

### લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી ધનુર્માસમાં ધૂન આદિ કાર્યક્રમશ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ થયા હતા. (સાધુ વંદનપ્રકાશદાસ)

### ધ્રાંગધ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર (ઘાંચીવાડ)

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી સાંખ્યયોગી કંચનબા, સાં. હિરાબા, સાં. ભગવતીબાની પ્રેરણાથી ઘાંચીવાડ શ્રી સ્વામિનારાયણ મંદિર, દ્વારા શ્રીહરિના પ્રસાદીના જોગાસર તળાવના કિનારે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. ઘણાજ ભાવિક ભક્તોએ લાભ લીધો. બહેનોએ શ્રીહરિનું અને ધર્મકુળનું માહાત્મ્ય સમજાવ્યું હતું. (જયશ્રી એસ. ઝિંઝુવાડીયા)

# વિદેશ સત્સંગ સમાચાર

### કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણમંદિરમાં ૧૨ ડિસેમ્બર એકાદશીના સભામાં પ.પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પધાર્યા હતા. આ પ્રસંગે કલિવલેન્ડથી શા.સ્વા. ધર્મવલ્લભદાસજી, શ્રા. હરિનંદનદાસ અને શિકાગોથી જે.પી. સ્વામી પધાર્યા હતા. સંતોએ એકાદશીના ઉપવાસનું સુંદર માહાત્મ્ય કહ્યું હતું. હરિભક્તો પણ સભાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(પ્રવિણભાઈ)

### ટોરોન્ટો કેનેડા મંદિરમાં શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૩-૧-૨૦૧૦ રવિવારના ઠાકોરજી સમક્ષ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. ભગવાનને સુંદર શાક બનાવતા શણગાર ધરાવવામાં આવ્યા હતા. સ્વયં સેવક બહેનોએ બાજરીના રોટલા અને શાક બનાવ્યું હતું. યજમાન હરિભક્તોએ સુંદર સેવાનો લાભ લીધો. શાસ્ત્રી સ્વામી સત્યસ્વરૂપદાસે ભગવાનનો મહિમા અને ધર્મકુળનું માહાત્મ્ય, શાકોત્સવનો મહિમા આદિ દ્રષ્ટાંત સાથે સમજાવ્યું હતું. તા. ૧-૧-૨૦૧૦ નવા વર્ષના બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ સુંદર થયા. પ.ભ. દશરથભાઈ ચૌધરી તરફથી બાળકોને ઈનામ અપાયા હતા. શ્રી ઘનશ્યામમહારાજના આજના વાઘા ધર્મકુળ પ્રેમી હરિભક્ત તરફથી અર્પણ થયા હતા.

ટોરોન્ટો મંદિર વેબ સાઈટ :

**www.issocanada.org.**

(ભાઈલાલભાઈ પટેલ)

### વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી ૧૧ ડિસેમ્બર શુક્રવારે રાત્રે ૭-૩૦ થી ૧૦-૩૦ મેરીલેન્ડના એક હોલમાં સત્સંગ સભામાં ચેરીહીલથી શા. વિશ્વપ્રકાશદાસજીએ પધારીને કથાવાર્તાનો લાભ આપેલ. ધૂન-ભજન કીર્તન સમૂહમાં થયા હતા. છેલ્લે ઠાકોરજીના થાળ-આરતી, નિત્ય નિયમ થયા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં પધારીને સત્સંગને માણ્યો.

(કનુભાઈ પટેલ)

### હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ સહ પ્રેરણાથી મહંત શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં દર શનિવારે સાંજે ધૂન કરવામાં આવતી હતી. મકર સંક્રાંતિના સ્વામીએ ધર્માદા અને દાન વિષે સુંદર ઉપદેશ કરતા હરિભક્તોએ સારો એવો પ્રતિસાદ આપ્યો હતો. અહીં આપણા દરેક ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. આનંદ સ્વામી હરિભક્તોને કથાવાર્તાનો ખૂબજ સુંદર લાભ આપીને રાજી કરે છે.

(રમેશભાઈ પટેલ)

### આપણા નવા (I.S.S.O. ચેપ્ટર) પીયોરીયા (અમેરિકા)માં સત્સંગ સભા

અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી અમદાવાદથી પધારેલા પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને ધોળકા મહંત મુનિ સ્વામીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ વિજયા દશમીના રોજ મંડળની સ્થાપના કરી છે. શિકાગોથી ૧૫૦ માઈલ દૂર શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્તો ઘણા સમયથી સ્થાયી થયા છે. ૫૦ જેટલા હરિભક્તો દર રવિવારે સત્સંગ સભામાં આવે છે. દર સભામાં સંખ્યા વધે છે. ભાવિ પેઢી પણ સત્સંગમાં જોડાય છે.

(રમેશભાઈ પટેલ)

### સાને જોશે (I.S.S.O. ચેપ્ટર U.S.A)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી ૧૫-૧૬ જાન્યુઆરીના લોસ એંજલસ મંદિરથી શાસ્ત્રી ધર્મકિશોર સ્વામીએ શિક્ષાપત્રી જયંતી પ્રસંગે શિક્ષાપત્રીનું માહાત્મ્ય સમજાવ્યું હતું. આ સભા રાજેશભાઈ અને દ્રુમનબેનના ઘરે સાંજે રાખવામાં આવી હતી. જેમાં ધૂન, કીર્તન અને શ્રીહરિના લીલા પરચાની વાતો કથાના રૂપે કરી હતી. જેમાં ૧૫૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. મકર સક્રાંતિના પણ કથાવાર્તા કીર્તન આદિ કર્યા હતી. બીજી સભા મધુભાઈ અને ચેતનાબેનને ત્યાં થઈ હતી.

(પ્રશાંત ધોળકિયા)

## શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- મુક્તાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટવિલેપાર્લા
૧૦૧/- મીનાબેન જે. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧/- સરલાબેન બી. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- લીનાબેન કે. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-અમેરિકા
૧૦૧/- ચંદ્રિકાબેનએમ. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- રીટાબેન ડી. પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સ્નેહા જે. પરમાર શ્રી નરનારાયણદેવપ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- રુચિતા જે. પરમાર શ્રી નરનારાયણદેવપ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- જીનલબી. પરમાર શ્રી નરનારાયણદેવપ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- હેતવી ડી. પરમાર શ્રી નરનારાયણદેવપ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પુષ્પાબેન એસ. મારવી શ્રી નરનારાયણદેવપ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- કમળાબેન માધવજી ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે મેઘપર (પૂના)
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૫૦૦/- પટેલ કીર્તિકુમાર ગોરધનભાઈ ઉતરાયણ નિમિત્તે અમદા.
૧૫૧/- પાનેસરા હાર્દિક આર. નવું બાઈક લાવ્યા તે નિમિત્તે અમદા.
૧૫૧/- પટેલ ભૂમિત ઈશ્વરભાઈ જન્મદિન નિમિત્તે મેમનગર
૧૦૧/- અમીન કપીલાબેન બી. ઉતરાયણ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પાર્થ વિનુભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે થાવલા
૨૦૨/- કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૧૦/- પ્રજ્ઞાબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૧/- પટેલ દેવ મહેન્દ્રકુમાર જન્મદિન નિમિત્તે મેમનગર
૧૦૧/- રાણી આર. જામભા પિતાશ્રીની પુણ્ય તિથિ નિમિત્તે મેઘાણીનગર
૨૫૧/- ડૉ. અંકિતા બાબુભાઈ પટેલ લાયસન્સ નિમિત્તે અમેરિકા (માણસા)
૧૦૧/- કા. પટેલ કુસુમબેન આર. ચિ. નિકીતાના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૫૦/- પટેલ ગાંડાભાઈ ઈશ્વરદાસ પેન્સન શરૂ થયું તે નિમિત્તે ગોવિંદપુરા વેડા
૧૦૫/- કા. પટેલ વૃંદાબેન અરવિંદકુમાર સગાઈ નિમિત્તે બાલાસિનોર
૧૦૦/- પટેલ હાર્દિક ડી. ઓસ્ટ્રે. ટી.આર. ફાઈલ મૂકી તે નિમિત્તે વડુવાળા
૧૦૦/- પટેલ જ્યોત્સનાબેન આર. એકટીવા લીધું તે નિમિત્તે વિહારવાળા
૧૦૦/- પટેલ હાર્દિક એ. એન્જી.માં નંબર લાગ્યો તે નિમિત્તે વક્તાપુર
૧૦૦/- પટેલ અરવિંદકુમાર આર. નવીન મકાન નિમિત્તે વક્તાપુર
૧૦૧/- વરૂ પાર્વતીબેન ડી. ચિ. દિપકકુમારના લગ્ન પ્રસંગે સુરત
૧૦૧/- ચાવડા રમાબેન જાદવજીભાઈ ચિ. મનીષાના લગ્નપ્રસંગે સુરત
૧૦૧/- ચોટલીયા તરૂણાબેન પરેશભાઈ પુત્ર જન્મપ્રસંગે સુરત
૨૦૨/- વરૂ વર્ષાબેન બી. ચિ. વિનોદ તથા ચિ. કુસુમના લગ્ન પ્રસંગે સુરત
૧૦૦/- પટેલ શ્રેયસ કાંતિભાઈ લગ્ન પ્રસંગે નાંદોલ
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડી. નવી ગાડી લાવ્યા તે નિમિત્તે બેંગ્લોર
૧૦૦/- સાપરીયા કમલેશભાઈ રમણીકભાઈ પુત્રીના જન્મપ્રસંગે ધૂળકોટ
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ ડી. એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- વેગડ જસવંતભાઈ કે. ચિ. હીનાબેનના લગ્ન પ્રસંગે નવસારી
૧૦૧/- ચોટલીયા ભૂપેન્દ્ર રતિલાલ તિથિ નિમિત્તે મુંબઈ
૧૦૧/- પટેલ ઘનશ્યામ એમ. પુત્ર જન્મપ્રસંગે અમદાવાદ
૧૧૧/- પટેલ ભગવાનભાઈ પરસોતમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૧/- ટાંક પ્રભાબેન ગોવિંદભાઈ એમ. યાત્રા નિમિત્તે જામસર
૨૧૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- પોરીયા અમરશીભાઈ ડી. ચિ. પરેશભાઈના લગ્ન પ્રસંગે નવસારી
૧૦૧/- પટેલ કપીલાબેન પ્રવિણભાઈ ચાતુર્માસ નિમિત્તે સૂકાટીંબા
૧૦૧/- ટાંક રીટાબેન મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરારોડ
૧૦૧/- વાઘેલા વ્રજરાજ વિજયસિંહ જન્મદિન પ્રસંગે ગોધાવી
૨૦૦/- પટેલ સતીષચંદ્ર ગોપાળદાસ નવી ગાડી લીધી તે નિમિત્ત માણસા
૨૦૧/- પટેલ કિરણબેન રમણભાઈ લગ્ન પ્રસંગે મારૂસણા
૧૦૧/- પટેલ રોહિતભાઈ શંભુભાઈ એમ.એડ. કર્યું તે નિમિત્તે મારૂસણા
૧૦૧/- પટેલ મુકેશભાઈ નારણદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે દેઉસણા
૧૦૧/- પટેલ અંબાલાલ પૂંજાભાઈ ૮૧ મી વર્ષગાંઠ નિમિત્તે દેઉસણા
૫૦૦/- શ્રી નરનારાયણ જ્વેલર્સ જસુભાઈ, અજીતભા નવી ગાડી નિમિત્ત માણસા
૧૦૦/- પટેલ રમેશચંદ્ર બી. ૬૮ વર્ષ પુરા થયા તે નિમિત્તે નાંદોલ
૧૦૧/- પટેલ રશ્મિરમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૧૦૧/- પટેલ સંજય રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૨૫૧/- પટેલ રાજ અમિતકુમાર સાકરતુલા નિમિત્તે ચાણસ્મા
૧૦૧/- વાઘેલા ભરતસિંહ હાલુભા નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ખોડા
૧૦૧/- પટેલ લલીતાબેન ઈશ્વરબાઈના સ્મરણાર્થે ભાત
૧૦૧/- અ.નિ. અરજણભાઈ મોહનભાઈ પરમારના સ્મરણાર્થે નેત્રંગ
૧૦૦/- ચૌહાણ મહાવીર પ્રભાતસિંહ લંડન ગયા તે નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- પટેલ હિતેષ મહેન્દ્રભાઈ લગ્ન પ્રસંગે ખંડેરાવપુરા
૧૦૦/- પટેલ જસુબાઈ હીરાભાઈ જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- મોરી પથાભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ ભાવેશકુમાર આર. બાયોમેડીકલમાં પાસ થયા નિમિત્તે મારૂસણા
૨૦૦/- વાઘેલા ભાવુભા કે. ના સ્મરણાર્થે (હ. પૃથ્વીરાજસિંહ વાઘેલા) ગોધાવી
૧૦૧/- ભાવસાર હંસાબેન ઈશ્વરલાલ નવો ફલેટ લીધો નિમિત્તે મોટપવાળા
૧૫૦/- પટેલ ગીતાબેન મહેન્દ્રભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- સોની જીગરકુમાર ઉપેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાથે વિરમગામ
૧૦૧/- પટેલ મહેશભાઈ જી. શ્રીજી પ્રસન્નાર્થે ડુંગરી
૧૦૧/- શ્રી નરનારાયણ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાથે પરઢોલ
૧૦૧/- પટેલ પ્રવિણભાઈ એલ. લખુદાદાની પુણ્ય સ્મૃતિ અર્થે હાથપાળીયા
૧૦૧/- પટેલ રાવજીભાઈ જન્મદિન પ્રસંગે ઉવારસદ

૧૦૧/- પટેલ પ્રહલાદભાઈ જે. યુરોપ યુ.કે.ના પ્રવાસ નિમિત્તે કલોલ
૧૦૧/- પટેલ જશોદાબેન પી. યુરોપ યુ.કે.ના પ્રવાસ નિમિત્તે કલોલ
૧૦૧/- દરજી શિવાની હિતેન્દ્ર શ્રીજી પ્રસન્નાર્થે ઘાટલોડીયા
૧૦૧/- ચાવડા અમરશીભાઈ એન. ચિ. હર્ષાની સગાઈ નિમિત્તે ધૂળકોટ
૧૦૧/- પટેલ મહેશભાઈ કાશીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે લસુન્દ્રા
૧૦૧/- ચૌધરી મંગાભાઈ આર. વિનોદની નોકરી નિમિત્તે માણેકપુર
૨૦૧/- દરબાર મયુરધ્વજસિંહ મહેન્દ્રસિંહ ચિ. રિચાને અમેરિકામા બી.એ.ની માનદ્ ડીગ્રી નિમિત્તે ડાંગરવા
૧૦૧/- ચૌહાણ મગનભાઈ પી. ચિ. અંકિતાના લગ્ન નિમિત્તે નવસારી
૧૦૧/- વરૂ શાંતિલાલ અમરશીભાઈ ચિ. વિવેકના લગ્ન નિમિત્તે રામોલ
૨૦૧/- ચૌહાણ શોભનાબેન એમ. ચિ. અંકિતાના લગ્ન પ્રસંગે નવસારી
૧૦૦/- દવે ઉદયભાઈ ભાલચંદ્ર યુવાકાર નિમિત્તે લુણાવાડા
૧૦૧/- મોદી ગીતાબેન રોહિતકુમાર જન્મદિન નિમિત્તે દહેગામ
૧૦૧/- પરમાર વાલજીભાઈ પચાણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપર
૧૧૧/- ભાવસાર જીગીસા પી. ચિ. કુંજના જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ચૌધરી અનિશ જગદીશકુમાર જન્મદિન પ્રસંગે મહેસાણા
૧૦૧/- પટેલ અંકિતકુમાર આર. ચિ. સૌમ્યના જન્મપ્રસંગે લક્ષ્મણપુરા
૫૦૧/- પટેલ દશરથભાઈ સી. જ્યોતિબેનની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે મોટેરા
૧૦૧/- પટેલ મહેન્દ્રભાઈ કેશવલાલ ઉત્તરાયણ નિમિત્તે મોટેરા
૧૦૧/- પ્રજાપતિ ગોવિંદભાઈ રામાભાઈ ઉત્તરાયણ નિમિત્તે મોટેરા
૧૦૦/- શ્રીજીકૃપા ડેરી ફાર્મ ઉદ્‌ઘાટન નિમિત્તે કડી
૧૦૦/- શાહ અજય એન. શ્રીજી પ્રસન્નાર્થે વિદ્યાનગર
૧૦૧/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- રાવલ હરિપ્રસાદ ગીરજાશંકર જન્મદિન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- તલસાણીયા ભૂદરભાઈ વી. જન્મદિન પ્રસંગે ચાંદલોડીયા
૧૫૦/- પટેલ નસીનભાઈ ઓપરેશન નિમિત્તે (હ. નૈનાબેન) લંડન
૫૦૧/- પટેલ કિશનભાઈ એન. ચિ. હેલીના લગ્ન (વડુવાળા) શિકાગો નિર્વિઘ્ને પૂર્ણ થયા તે નિમિત્તે
૨૦૧/- પટેલ જગજીવનભાઈ એલ. શ્રીહરિકૃપાથી ઓપરેશન સફળ થયું તે નિમિત્તે ચાંદલોડીયા
૧૦૦/- વડોદરીયા પ્રાચી કેતન જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મોદી મનીષભાઈ એન. નવી ગાડી લીધી તે નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- ઠક્કર મહેશભાઈ ચતુરભાઈ નવી ગાડી નિમિત્તે વેજલપુર
૧૦૦/- કાછીયા હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૫/- પટેલ સરોજબેન જે. ચિ. પ્રિન્સના જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ નરેન્દ્રભાઈ જયંતીભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ નીતીનભાઈ વી. ચિ. ઉર્વિશના જન્મ દિવસ નિમિત્તે જીરાગઢ

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર :** શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્ય મહારાજશ્રીની પાંચ પાંચ પેઢીથી હજુર સેવામાં રહેલા પાર્ષદ શ્રી મહોબતસિંહ ભગત ગુરુ પાર્ષદ કેસર ભગત પોષ વદ-૨ તા. ૨-૧-૨૦૧૦ ને શનિવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જુના પેઢીના આ છેલ્લા સરકારી પાળાના અક્ષરવાસથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશમાં મોટી ખોટ પડી છે.

**મહાદેવનગર (મૂળ લીલાપુર તા. લખતર) :** પ.ભ. ગણેશભાઈ રણછોડભાઈ પટેલ તા. ૧૯-૧-૨૦૧૦ નારોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. જયંતીલાલ જીવણલાલ સોની (સુંદરીયાણાવાળા) તા. ૧-૧-૨૦૧૦ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કુહા :** શ્રી રિકીનભાઈ બિપીનભાઈ પટેલ તા. ૧૭-૧-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

REG NO GAMC -003

# આપણા દેશ વિદેશના મંદિરોમાં શ્રીહરિના ૬છ્ઠા, ૭ માં અને ૮માં વંશજના વરદ્ હસ્તે અને અંતઃકરણના આશીર્વાદથી ભવ્ય શાકોત્સવ ઉજવાયા


સિનેમેન્શન (અમેરિકા)


ટોરન્ટો (કેનેડા)


કાંકરિયા


માણસા


મોટપ


જેતપર (મચ્છું)


દેલવાડા


ઘાટલોડિયા

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011





શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવના સાનિધ્યમાં વસંત પંચમીના સમૈયા પ્રસંગે ઘણા વર્ષો બાદ પ.પૂ.મોટા મહારાજશ્રી રંગોત્સવ રમ્યા. તેમાં ઘણા સંપૂર્ણ ભીંજાયા, કોઈ અડધા અને કોઈકે છાંટણા ! છેવટે તો શ્રીહરિના અપર સ્વરૂપના દિવ્ય અલૌકિક સ્પર્શથી રંગાયા તે સૌ ભવ તરી ગયા. આવું સુખ બીજે ક્યાં મળવાનું છે !







ઘાટલોડિયા મંદિરમાં યુવક મંડળ દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન પર્યન્ત રોજ ૧૧- જનમંગલ પાઠના નિયમના પ્રારંભે પ.પૂ. મોટા મહારાજશ્રી સ્વમૂખે જન મંગલ પાઠ કરતાં.

ગવાડા ગામના બાળકો દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પોતાની સ્વબચત માંથી ભેગી કરેલી રકમ કૂંભ સ્વરૂપે પ.પૂ.મોટા મહારાજશ્રીને અર્પણ કરતાં બાળકો

Jagadish Offset

Praful Kharsani